**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫/— આજીવન ૨૫૧/—
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/ (વિમાનથી) આજીવન ૫૦૦૦/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : ૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ—ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| ધ્યાનનું પરિણામ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| અંબાજીના સ્વર્ગારોહણમાં પૂ.યોગેશ્વરજીનો જન્મોત્સવ | જ્યોત્સનાબહેન ત્રિવેદી—એક સાધક | ૧૧ |
| આધ્યાત્મિકતામાં પ્રવેશના પ્રસંગો અરવિંદ ઘોષના જીવનમાં | જ્યોતિબહેન થાનકી | ૧૬ |
| પારસમણિ—જેવાં શુભચિંતન | ડૉ.પ્રકાશ ગજ્જર | ૨૪ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૨૭ |
| પૂ.માની સંનિધિના—સાગરના હરિરસમાં સ્નાન | ડૉ.બી.જે.જાગાણી | ૩૧ |
| પારિતોષિકો | ડૉ.બી.જે.જાગાણી | ૩૮ |
| કોણ ધાર્મિક? | રાકેશભાઈ ઝવેરી | ૩૯ |
| સ્વામી રામના અનુભવો | શ્રી કુંદનિકા કાપડિયા | ૪૧ |
| Vimalaji's open letter to all friends around the globe | Vimala Thakar | 48 |
| મેં શ્રીરામકૃષ્ણને જોયા છે | રામેન્દ્રસુંદર ભટ્ટાચાર્ય | ૫૦ |
| બાપુઃ મારી મા | મનુબહેન ગાંધી | ૫૬ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી સહાય

દીપેન છેક બાળપણથી માતા કલ્પનાબહેનની આંગળી પકડીને સત્યપથ, સ્વર્ગારોહણ આવતો રહ્યો. પિતા શ્રી રાજેન્દ્રભાઈએ પણ એની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાનું સંવર્ધન જ કર્યું.

આજે તો એ ઉત્તમ અભ્યાસ કરી વિદેશમાં સુખી લગ્નજીવનની મોજ માણી રહ્યો છે.

છતાં દીપેન સત્યપથ, સ્વર્ગારોહણ કે અધ્યાત્મને ભૂલ્યો નથી. એવા દીપેનની પોતાના પરિશ્રમની શ્રી લક્ષ્મીનો પ્રસાદ આ માસના અધ્યાત્મના પ્રકાશન માટે પ્રાપ્ત થયો છે. એવા સહયોગી શ્રી દીપેનભાઈ શ્રી રાજુભાઈ પટેલનો– આભાર અને અભિનંદન.

–મા સર્વેશ્વરી



# ધ્યાનનું પરિણામ

**શ્રી યોગેશ્વરજી**

લાંબા વખત લગી ધ્યાન કરવાથી પણ કેમ કાંઈ નથી મળતું અથવા કોઈ અવનવો વિશેષ અનુભવ નથી થતો?

એવા અભ્યાસીઓને આપણે પૂછીશું કે લાંબા વખત લગી ધ્યાન કરવાથી પણ કાંઈ જ નથી મળ્યું કે નથી મળતું એવું તમે કેવી રીતે જાણ્યું? લાંબા સમય સુધી કરાયેલું ઊંડું ને એકધારૂં ધ્યાન કદાપિ નિષ્ફળ કે નિરર્થક નથી જતું. ભૂગર્ભમાં જેમ ઉપર ઉપરથી જોતાં કશુંજ નથી દેખાતું તો પણ અનેક પ્રકારની ક્રિયા–પ્રતિક્રિયાઓ થયા જ કરે છે તેમ, ધ્યાનાદિ જે પણ અંતરંગ અભ્યાસ કરવામાં આવે છે તેના પરિણામે પેદા થનારી સુસંસ્કારની છાપ મન પર કાયમને માટે, અમીટ રીતે, અને પ્રબળપણે પડી જાય છે. અભ્યાસના પરિણામરૂપે પ્રગટેલા સંસ્કારોનો એ પ્રવાહ મનની અંદર અદૃષ્ટ રીતે પણ પોતાનું કામ કરતો જ હોય છે. બધે જ વખતે અને સહેલાઈથી એનો આવિર્ભાવ બાહ્ય દુનિયામાં નથી પણ થતો, પરંતુ થાય છે ત્યારે એવો વિશાળ નક્કર તથા ચમત્કૃતિભર્યો થાય છે કે વાત નહિ. એનું અવલોકન કરનાર મુગ્ધ અને કેટલીકવાર દિગ્મૂઢ બની જાય છે. એટલે લાંબા વખતના ધ્યાનાભ્યાસના ફળરૂપે કાંઈ ના મળ્યું હોય અથવા મળતું ના લાગતું હોય તોપણ, નિરાશ થવાની જરૂર નથી જ.

ધ્યાનના દીર્ઘકાલીન એકધારા અભ્યાસના પરિણામરૂપ સૌથી પહેલાં તો સ્વભાવનું શુદ્ધિકરણ કે ઉદાત્તીકરણ થવું જોઈએ. સાધકના વ્યાવહારિક જીવનમાં તેનું પ્રતિબિંબ કેવું પડે છે, તે જાણો છો? એ અહંભાવમાંથી મુક્તિ મેળવીને નમ્રાતિનમ્ર બની

જાય છે. મમતા, આસક્તિ, રાગદ્વેષ, કામ અને ક્રોધ તથા ભય અને ભેદભાવનો શિકાર નથી બનતો તથા સ્વપ્ને પણ છળકપટ અથવા અપ્રમાણિકતાથી ભરેલું આચરણ નથી કરી શકતો. સાત્ત્વિકતા અને શુદ્ધતા એની સ્વભાવગત ખાસિયત બની જાય છે.

ધ્યાનના અંતરંગ અભ્યાસ દ્વારા સિદ્ધ કરવાની બીજી વસ્તુ ચિત્તની સ્થિરતા અને શાંતિ છે. સંસારના વિવિધરંગી વાતાવરણમાં વિવિધ વ્યવસાયોની વચ્ચે વસવા છતાં, પણ ચિત્તની સ્થિરતા ચાલુ રહે, ચિત્ત શાંત રહે, અને એની વૃત્તિ હંમેશા આત્માભિમુખ બની રહે, એવી કળામાં કુશળ થવાની જરૂર છે. સામાન્ય રીતે માનવીની અવસ્થા કેવી હોય છે? અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિની અસર એના પર હંમેશા થાય કરે છે. અને એના પરિણામે એ સુખી અથવા દુઃખી પણ થાય છે. એના ચિત્તની સ્વસ્થતા અથવા શાંતિનો મુખ્ય આધાર પરિસ્થિતિ પર રહે છે. ધ્યાનની સાધના જેમજેમ પરિપક્વ બનતી જશે તેમતેમ એવી અવસ્થાનો અંત આવશે. ચિત્તની ચંચળતા એ પછી મટી જશે, તથા આત્મજાગૃતિની જ્યોતિ કાયમને માટે જાગૃત થશે.

ધ્યાનના એકધારા ઊંડા અભ્યાસના પરિણામરૂપે કેટલાક ઊંચી કોટિના, અસાધારણ વિશેષ અનુભવો પણ થતા હોય છે. એવા અનુભવોને લીધે અખંડ તથા પ્રબળ આત્મ શ્રદ્ધા પ્રકટે છે, અનેરા અભિનવ ઉત્સાહનું નિર્માણ થાય છે. તેમજ શક્તિ ને શાંતિ મળે છે. એમની મૂલ્યવત્તા ઘણી મોટી છે. છતાંપણ એમની પ્રાપ્તિ કાંઇ ધાર્યા જેટલી સહેલાઇથી નથી થતી. ઉપર ઉપર તરતા રહેવાથી કશું નથી વળતું. અનુભવોનો મૂલ્યવાન પદાર્થ નથી મળતો. નિરંતર નિયમિત રીતે, અંદરની દિલની દૈવી દુનિયામાં ડૂબકી મારવી પડે છે. ત્યારે જ કાંઇક મળી શકે છે.



કેટલીક વાર એવું પણ બને છે કે ધ્યાનનો નિયમિત અભ્યાસ કરનાર પણ અમુક પ્રકારના વિશેષ અનુભવોથી વંચિત રહી જાય છે. ધ્યાનના બધાજ અભ્યાસીઓને એકસરખા અંતરંગ અનુભવો થાય છે એવો નિયમ પણ નથી. આત્માનુભવ અને એના પરિણામે પેદા થનારી પરમશાંતિ સૌને મળે છે, પરંતુ બીજા વિશેષ અનુભવોનું એવું નથી સમજવાનું. તો પણ એવા અસાધારણ અનુભવોનો આનંદ મેળવવા માટે સહેજ પણ નાસીપાસ કે નિરાશ થયા વિના હિંમત, ધીરજ, આશા, અને ઉત્સાહને ટકાવી રાખી, સાધનાના ક્ષેત્રમાં પોતાના ધ્યેયની દિશામાં નિરંતર આગળ વધવું જોઇએ. લાંબા વખત લગી યથાર્થરીતે સાધના કરવાથી બધીજ જાતની ફરિયાદ દૂર થઇ જશે.

ધ્યાન કરનારે ધ્યાનની સાથેસાથે બાહ્ય જીવનની વિશુદ્ધિ અથવા વ્યવહાર શુદ્ધિનું પણ ધ્યાન રાખવાની જરૂર છે. તેના સિવાય ધ્યાનની સાધના શક્તિશાળી, સુખમય કે સફળ નહિ બની શકે. ધ્યાન વખતનો માનવ વ્યવહાર વખતના માનવથી તદ્દન જુદો ના હોવો જોઇએ.

આજે તો માણસ ધ્યાન ધરે છે, જપ કરે છે પ્રાર્થનામાં બેસે છે, સત્સંગમાં ભાગ લે છે, તીર્થોમાં ફરે છે કે દેવ મંદિરમાં જાય છે કે રહે છે, ત્યારે જુદોજ હોય છે. એમ થાય છે કે એના મનની બધીજ મલિનતા મટી ગઇ. પરંતુ જેવો એ વ્યાવહારિક ક્ષેત્રમાં પ્રવેશ કરે છે ત્યારે એના જીવનનો આખો દેખાવ, આકાર કે અભિનય જ ફરી જાય છે. સાધનામય અને વ્યાવહારિક જીવનની વચ્ચેની ઊંડી ખાઇ દૂર થઇ જશે એટલે સાધકને માટે હતાશ કે ભગ્નહૃદય થવાનો કોઇ પ્રશ્ન નથી રહેતો.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૨ સપ્ટેમ્બર—૨૦૧૦ અંક ૧૨**


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળ : ૮૯, કોટયર્ક નગર, રાંદેર રોડ, સુરત**

**તા. ૦૪/૦૩/૮૨ બુધવાર**

આજે પણ દરરોજની જેમ જ પૂ.શ્રી નિયમિત રીતે પોતાના નિત્યકર્મમાં અતિ નિયમિત રહે છે. લેખનકાર્યમાં(તુલસીદાસના રામાયણ) કાવ્ય ભાષાંતર થઇ રહ્યું છે.

પૂ.શ્રીને છેલ્લા ૧ માસથી ફીશરની તકલીફ શરૂ થઇ છે. આજે સવારે જ જાણે કે જગદંબા સામે જ ઉભા હોય તેમ કહેવા લાગ્યા.

હવે, ક્યાં સુધી આ ફીશર? તમને નથી થયા એટલે કેટલી તકલીફ છે તે ખ્યાલ નથી આવતો? લેખનકાર્ય પણ ધીમું પડી ગયું છે. સારું કરી દો ને! મરચાં, ખટાશ પણ અમે તો ખાતા નથી. સાધના કરીએ છીએ. તમારું કામ કરીએ છીએ. હવે મટાડી દો.



સર્વેશ્વરી કહે છે તો આપ પ્રાર્થના કેમ નથી કરતા?

પૂ.શ્રીઃ— પ્રાર્થના કરું જ છું. મટી જાય તો જલ્દી કામ થાય ને! સવારે આજે ભોજનમાં પૂ.શ્રી દૂધ ને ભાત જ લે છે.

મુલાકાતમાં આજે પણ આખોય ઓરડો ભરાઇ ગયો છે.

આજે એક ભાઇ ચાર પાંચ પ્રશ્નો લખીને લાવ્યા છે. પૂ.શ્રી કાગળને વાંચીને જવાબો આપવાના શરૂ કરે છે.

પૂ.શ્રીઃ— પંદર વરસથી ગાયત્રીની આરાધના કરો છો પછી શંકા ન કરો. જે રીતે કરો છો તે બરાબર જ છે એમ માનો.

નોકરી છોડી પ્રભુસ્મરણ કરવાની વાત સારી છે, પણ ખવડાવનાર કોઇ છે? નોકરી કરતાં કરતાં પ્રભુસ્મરણ કરો. નોકરી ચાલું જ રાખો.

સ્વપ્નમાં સંત કે ગુરુ દેખાય તે સારી વાત ગણાય. મંત્ર તો મદદ જ કરે. ઘણું મોટું કષ્ટ હોય તે હળવું બને અથવા દૂર પણ થાય. જેથી મંત્ર તો ચાલુ જ રાખવો.

ત્યાં તો રાજકોટથી શ્રી શાંતિભાઇ કનેરીયા સપરિવાર પૂ.શ્રીને મળવા પોતાની ગાંડીમાં આવી પહોંચે છે.

પૂ.શ્રીએ તેમને જોઇને કહ્યુંઃ—

જે સારું કરે તેનું પ્રભુ સારું જ કરે છે. મંગલ જ મંગલ થાય.

શ્રી શાંતિભાઇ સાથે થોડી વાતો થાય છે. શ્રી ભટ્ટસાહેબ શ્રોતાઓને શ્રી શાંતિભાઇનો પરિચય કરાવે છે. પછી ભટ્ટ સાહેબ એક પ્રશ્ન પૂછે છે.

પ્રશ્નઃ— ત્રણ પ્રકારની ફિલસૂફી કઇ? વેદમાર્ગ, શિવમાર્ગ, વૈષ્ણવમાર્ગ?

પૂ.શ્રીઃ— દ્વૈત, અદ્વૈત ને વિશિષ્ટાદ્વૈત એ ત્રણ પ્રકાર છે.

પ્રશ્નઃ— ધ્યાન કોને ધરવાનું ને ધ્યાન શાનું ધરવાનું?

પૂ.શ્રીઃ— ધ્યાન શબ્દ જ બતાવે છે કે સંસાર સિવાયના પદાર્થનું ધ્યાન. નરસિંહ મહેતાએ એટલે જ ગાયું.

'ધ્યાનધર હરિ તણું'. હરિનું ધ્યાન, હરિ એટલે જે દુઃખનું હરણ કરે, અવિદ્યાનું હરણ કરે. હું હરિથી જુદો છું એવા ભાવનું પણ હરણ કરે તે હરિનું ધ્યાન.

ત્યાં વળી એક કાગળમાં લખેલા આઠ નવ પ્રશ્નો પૂ.શ્રીને પૂછાય છે. એ પ્રશ્નો એક વિદ્યાર્થીના હતા.

પ્રશ્નઃ— ચશ્માવાળાથી શીર્ષાસન થાય?

પ્રશ્નઃ— આંખના નંબર ઘટાડવા શું કરવું?

પ્રશ્નઃ— વિદ્વાન લેખકોની નવલકથા વાંચી શકાય?

પ્રશ્નઃ— આપને ભારત રત્ન, પદ્મશ્રી, નોબેલ પ્રાઇઝ એવા માન ક્યારે મળશે?

પૂ.શ્રીએ આ બધાં જ પ્રશ્નોના ઉત્તરો હળવાશથી રમૂજભરી શૈલીમાં આપતાં કહ્યું.

ચશ્માના નંબર વધારે હોય તો શીર્ષાસન ન થાય. પેટ સાફ થાય પછી દરરોજ શીર્ષાસન થાય. દરરોજ તાંબાના લોટાનું રાતે ભરેલું પાણી સવારે પીઓ. પેટ સાફ થઇ જશે.

અમે કાંઇ ડૉકટર થોડા છીએ? તમે જ આયુર્વેદમાં અભ્યાસ કરો છો. એટલે તમે જ શોધી કાઢજો. પણ અમે તો થોડી આંખની કસરતો બતાવીએ.

વિદ્વાન લેખક તમે કોને કહો છો તે પ્રશ્ન છે? પણ નવલકથા માટે વિદ્વાન લેખકોના માપદંડ કરતાં નવલકથામાં જાતીયતાનું વર્ણન ન હોય તેવી નવલકથા કોઇપણ લેખક પછી તે વિદ્વાન હોય કે ન પણ હોય, તેની નવલકથા વાંચવી જોઇએ.



હું તો એવું માનું છું કે બાળક વાંચે ને માબાપ સાંભળે અથવા માબાપ વાંચે ને બાળક સાંભળે એવી શિષ્ટ, સંસ્કારી નવલકથા વાંચવી જોઇએ, હું એવા મતનો છું. તેથી જ મેં તેવી નવલકથા લખવાનું ચાલુ કર્યું. અમારી એવી નવલકથા વાંચવી હોય તો પરીક્ષિત, સમર્પણ, ઉત્તરપથ પ્રીતપુરાની, રસેશ્વરી વગેરે છે. વાંચો.

પદ્મશ્રીનો ઇલકાબ કે ભારતરત્નનો ઇલકાબ હવે રાજકારણી સંબધવાળી વાતો થઇ. હા. નોબેલ પ્રાઇઝની વાત ભારતને ગૌરવ અપાવે એવી છે. આપણે તો રત્ન જેવું જીવન બનાવીએ એ જ જરૂરી છે.

આજે મુલાકાતમાં લગભગ ૨॥ વાગી ગયા. સૌને પ્રસાદ વહેંચાય છે. સૌ વિદાય થયા.

આજે પૂ.શ્રીએ શાંતિભાઇ સાથે થોડી વાતો કરી પછી પૂ.શ્રીએ આરામ કર્યો.

આજે પૂ.શ્રીનું એક કામ હતું. જે એક વકીલ મારફત થયું. જે વકીલ ઓચિંતા ૧૮ વરસે શ્રી ભટ્ટ સાહેબને મળ્યા ને તેણે જ તે કામ કરી આપ્યું. પ્રભુનું કામ કેવી રીતે પ્રભુ કરાવે છે તે આજે વધુ એકવાર અનુભવવા મળ્યું.

પ્રવચન માટે સાંજે સમયસર શ્રી રમેશભાઇની ગાડીમાં જવાનું બન્યું. પ્રવચન અહીં ધ્યાનયોગ ઉપર ચાલી રહ્યાં છે. તા. ૧લી—૧૫ સુધી એ પ્રવચનો ચાલશે.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી જવાનું બને છે. પૂ.શ્રી ગરમ પાણીનો શેક કરે છે. પછી હળવો નાસ્તો લઇ આરામ કરે છે. (ક્રમશઃ)

# અંબાજીના સ્વર્ગારોહણમાં પૂ.યોગેશ્વરજીનો જન્મોત્સવ

જ્યોત્સનાબહેન ત્રિવેદી—એક સાધક

તા.૧૫મી ઓગસ્ટ એટલે ભારતનો સ્વાતંત્ર્યદિન પરંતુ સ્વર્ગારોહણમાં ભક્ત સમુદાય બુલંદ અવાજે કોઇ રાષ્ટ્રીય ગીત નહીં, પરંતુ એક ધૂન ગાઇ રહ્યા છે, તે સાંભળીને રસ્તા પરથી બે યુવાન ભાઇઓ પટાંગણામાં પ્રવેશીને એક સાધકને પૂછી રહ્યા છે, ''આજે અહીં કોઇ રાષ્ટ્રીય ઉત્સવ હોય તેવું લાગતું નથી. તો તમે બધા આ શાની ધૂન ગાઇ રહ્યા છો?''

ધૂનના શબ્દો છે.

''સૃષ્ટિમાં સૌથી ન્યારા, ગુરુદેવ પ્રાણપ્યારા'' સાધક ભાઇએ આગંતુકોને સમજાવતાં કહ્યું, આજે અમારા ગુરુદેવ મહાત્મા યોગેશ્વરજીનો જન્મદિન છે.

''આ તો બહુ સરસ. એમનો જન્મદિન તે જ ભારતમાતાનો સ્વાતંત્ર્યદિન? કેવો સરસ સુભગ યોગ!''

તે ભાઇઓએ કુતૂહલવશ પૂછ્યું, શું અમે તમારા સાથે જોડાઇ શકીએ?

''જરૂર. જોડાવાનું કેમ મન થયું?''

''આ બહેનો કેવા સરસ ભાવથી, મધુર બુલંદ કંઠથી, તાલબદ્ધ રીતે ગાઇ રહી છે. ખરેજ સાંભળવાનું ખૂબ ગમ્યું. આ બધી બહેનો તો નાની ઉંમરની લાગે છે, તે શું તમારા આશ્રમમાં રહે છે?''



''ના જી. તેઓ તો ગુજરાત અને મુંબઇની વિદ્યાર્થીનીઓ છે. આ જન્મદિન નિમિત્તે અહીં આવી છે.''

''તમારા આ ગુરુદેવ કોણ છે?''

''એ મહાત્મા યોગેશ્વરજી છે જેમનો આજે જન્મદિન છે.'' ''અરે, આશ્રમમાં પ્રવેશતાં જે પેલું ઊભું સ્વરૂપ છે તે શું તેમનું છે?''

''હાજી. તેઓ એક સાક્ષાત્કારી સંત ઉપરાંત રાષ્ટ્રપ્રેમી મહામાનવ હતા. એટલે તો તેઓ ખાદીનાં સફેદ વસ્ત્રો જ પહેરતા.''

પછી તેઓ કુટિયામાં પૂ.શ્રીના પધરાવેલા સ્વરૂપનાં અને પૂ.મા સર્વેશ્વરીના સ્વરૂપોનાં દર્શન કરી વંદન કરી બહાર આવે છે. પૂ.મા વિષે જિજ્ઞાસાપૂર્વક પૃચ્છા કરી—એ વાતનું આશ્ચર્ય વ્યક્ત કરે છે કે ૨૬ વર્ષથી અન્ન ત્યાગ, મૌન, પાણી વગરના ઉપવાસો છતાં વિદેશ વિચરણ બહું અદ્‌ભુત કહેવાય. અરે, મોટું આશ્ચર્ય તો એ છે તેમણે ૧૩ કરોડ જપનો પોતાનો સંકલ્પ પણ પૂરો કર્યો છે. શું તેઓએ આ જપ અહીં એકાંતમાં રહી રહી કર્યો?

''ના રે. તેઓ ભારતમાં વર્ષના છ સાત મહિના અહીં રહે છે, બાકી પરદેશમાં વિચરણ—ખાસ કરી અમેરિકા ને કેનેડા.''

''તમારા ત્યાં પણ આશ્રમો છે?''

''ના જી. પૂ.મા કેટલાક ભક્તોને ત્યાં ઉતરે. પરંતુ તેઓ ભલે ગમે ત્યાં હોય. તેમના જપ—તપના નિયમો એકધારા ચાલ્યા જ કરે. તેમાં ક્યાંય બાંધછોડ નહીં.''

આ સાચે જ આશ્ચર્ય કહેવાય. ભક્તોની વચ્ચે વસી, આવું તપ કરવું ખરેજ કપરું—અઘરું છે.

કુટિયા આગળ શ્રીશાંતિભાઈ કનેરિયાના હાથે શ્રીકલ્યાણ ધ્વજને સલામી અપાવરાવે છે. શ્રીનીલેશભાઈ ટેલર રાષ્ટ્રપ્રેમનું સરસ ગીત બુલંદ કંઠે ગવડાવે છે. બધા ભક્તો સૂર પૂરાવે છે.

આવનાર ભાઈઓ પણ આ આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે રાષ્ટ્રપ્રેમનો ભાવ ભળેલો જોઈ રાજી થાય છે ને તેઓ પણ દેશભક્તિનું ગીત ગાવામાં પોતાનો સૂર પૂરાવે છે.

પ્રભુ સ્વરૂપને પધરાવેલ શણગારેલ પારણું જોઈને—તેઓ આશ્ચર્ય પામે છે. સાથે રહેલ સાધકે કહ્યું કેટલીય નાની વયની બહેનોએ આ પારણાને જ શણગારવા માટે અડધી રાતનો ઉજાગરો કર્યો છે. ભાવ વગર કોણ આવું કરે?

સાધકો "જય જય બોલો શ્રીયોગેશ્વર ભગવંતની" ધૂન સાથે સત્સંગ હોલમાં પાછા ફરે છે ને પૂ.શ્રીના પારણાને ઝૂલાવવાનો આનંદ માણે છે. શ્રીપંડિતજીની ધૂનના ભાવ અને બુલંદ અવાજથી વાતાવરણ ભાવમય બની જાય છે. આ ભાઈઓને જણાવવામાં આવે છે કે અહીંનો કાર્યક્રમ સવારે ૬ વાગ્યાથી—ધ્યાનની બેઠકથી પ્રારંભ પામે છે. પછી પૂ.ગુરુદેવ અન પૂ.માની બાવનીઓના ગાન પછી પૂ.મા પ્રભુને સમૂહમાં પ્રણામ કરવામાં આવે છે. અમારાં માએ પ્રયોજેલી આ પ્રમાણભક્તિ એક સરસ અનોખી સાધના પ્રણાલિ છે, જેનાથી પ્રભુના નામ સાથે શરીરના પાંચ અંગોને વ્યાયામ પણ મળી જાય છે.

પૂ.માનાં ડી.વી.ડી દર્શને સાધકોને એવો અહેસાસ કરાવ્યો કે જાણે પૂ.મા આપણી પાસે અને સાથે જ છે. સરોવરના નિર્મળ જળનું, પક્ષીઓ ને પ્રાકૃતિક દર્શન સાચે જ અદ્‌ભુત હતું. પરંતુ પૂ.માના જપનો સંકલ્પ પૂરો થવાના પ્રસંગે ઉપસ્થિત રહેલ



સાધકોનો ઉત્સાહ પણ માણવા મળ્યો. ખાસ કરી શ્રીસુશીલાબહેન તેમજ ગુલાબબહેનના અંતરનો આનંદ શરીરમાં સમાતો ના હોય એવું લાગ્યું.

શ્રી જયુબહેને પોતાના વક્તવ્યમાં પૂ.મા બાળકોને સમજાવી પટાવી પોતની સાથે રાખી કેવી સરસ રીતે સાધના કરાવે છે તેની વાત કરી. વળી પૂ.મા કહે છે તમે જે જપ કરો તે તમારા કાનને સંભળાવા જોઈએ. એટલી જાગૃતિથી જપ કરવા જોઈએ. અંતમાં પૂ.માને પ્રિય પદ—

"તનમાં હરિ, મનમાં હરિ.

મા સર્વેશ્વરીના અંતરે હરિ"—ગવડાવી પોતાનું વક્તવ્ય પૂરું કરે છે.

સુરતનાં શ્રીદર્શનાબહેને જીવનના કપરા પ્રસંગોમાં પૂ.મા પ્રભુએ કેવી કૃપા કરી સહાય પહોંચાડી છે, તેની વાતો કરી.

શ્રીજ્યોત્સનાબહેને પૂ.માની ધ્યેય પ્રત્યેની જાગૃતિ સ્વયંશિસ્ત, નિયમોનું પાલન તેમજ આહાર અને નિદ્રા પરનો સંપૂર્ણ વિજય. લેખનમાં તટસ્થતા વગેરે ગુણોના પ્રસંગો વર્ણવી પૂ.માનો માનવતાવાદી અભિગમ અને કરૂણાની વાતો કરી હતી.

શ્રી કલ્યાણે પ્રભુ સાથે કરેલી યાત્રાના પ્રસંગો તેમજ પૂ.મા પ્રભુએ પોતે જ પોતાની ઓળખની વાતો સરસ રીતે વર્ણવી હતી તે જણાવ્યું. આવનાર બંને ભાઈઓ પૂ.શ્રીના જન્મદિનના કાર્યક્રમની મજા માણી ત્રણ વાગે સ્વર્ગારોહણથી વિદાય થયા.

રાત્રે સમુદ્રને પેલે પારની ડી.વી.ડી.માં 'સંત પરમ હિતકારી' એ પદની વિશિષ્ટ સમજ પૂ.ગુરુદેવે પોતાના દર્શન

સાથે આપી તેનાથી સહુનાં મન પુલકિત થયાં. રાત્રે જન્મદિન ઉત્સવની પંજરીનો પ્રસાદ પણ સૌએ માણ્યો.

તા.૧૬મીના સાધના દિનમાં, સાધકો પોતાના સંકલ્પો પ્રમાણેના નિયમો પૂરા કરવામાં લાગે છે. તો નજીકની ગામડાંની શાળાનાં બાળકોને બુંદી અને ગાંઠિયાનો પ્રસાદ પણ વહેંચવામાં આવે છે.

કાર્યક્રમ પૂર્ણ થતાં બધા જ સાધકોની અંતરની એક જ, પ્રાર્થના રહી છે કે હે મા, આપ વિદેશથી વહેલાં વહેલાં ભારત પધારો જેથી આપનું પવિત્ર દર્શન કરી, અમારાં નેત્રો ધન્ય બને.

ગુરુ તો દર્પણ છે. આપણી મનોદશા જ ફોટોગ્રાફ પાછો આપે. આપણી અંતરંગ દશાનો જ પ્રતિધ્વનિ આપે. —મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# આધ્યાત્મિકતામાં પ્રવેશના પ્રસંગો શ્રી અરવિંદ ઘોષના જીવનમાં

**જ્યોતિબહેન થાનકી**

## આધ્યાત્મિક અનુભૂતિઓ

શ્રીઅરવિંદ હિંદમાં આવ્યા ત્યારે તેઓ આધ્યાત્મિક બાબતોથી તદ્દન અજ્ઞાત હતા. હિંદુ—ધર્મ અને સંસ્કૃતિનો એમને બિલકુલ પરિચય ન હતો. તેમણે પોતે જ એક વાર્તાલાપમાં આ વિષે જણાવતાં કહ્યું હતું કે ‘તે વખતે મને યોગ વિષે કશું જ્ઞાન ન હતું. ઈશ્વર શું છે તેની પણ મને ખબર નહોતી.’ પરંતુ તેમને એક પછી એક આધાત્મિક અનુભૂતિઓ સહજપણે થતી રહી અને યોગ જાણે સામે ચાલીને એમની પાસે આવી પહોંચ્યો ન હોય!

તે વખતે શ્રીઅરવિંદ ઘોડાગાડીમાં બેસીને ક્યાંક જઈ રહ્યા હતા. ઘોડાગાડી કમાટી બાગ પાસે આવી ત્યારે તેમને અંતરમાં એકાએક એવું થયું કે ઘોડો એક ડગલું આગળ ભરતાં અકસ્માત સર્જાશે. તેમના અંતરમાં અકસ્માતનું આ દૃશ્ય એક ક્ષણમાં ખડું થયું, પણ પછી તેમના આશ્ચર્ય વચ્ચે તેમની અંદરથી જ એક તેજોમય પુરુષ બહાર આવ્યો ને તેણે ઘોડાની લગામ હાથમાં લઈને ખેંચી રાખી. ઘોડા ઉપર કાબૂ મેળવી લીધો. ઘોડો થંભી ગયો. તે એક ડગલું પણ આગળ ભરી શક્યો નહીં. એ તેજોમય પુરુષે ભયંકર અકસ્માત થતો અટકાવીને શ્રીઅરવિંદને બચાવી લીધા. આ ઘટના પાછળનું રહસ્ય શું હતું એ વિષે વરસો બાદ શિષ્યોએ તેમને પૂછ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું: ‘એ આખી ય

પરિસ્થિતિનો અધિષ્ઠાતા એ દિવ્યપુરુષ હતો અને તેણે એ અકસ્માતને અટકાવી દીધો.' ત્યારથી શક્તિઓના કાર્યમાં શ્રીઅરવિંદને શ્રદ્ધા જાગી.

પ્રાર્થનાની શક્તિની બાબતમાં પણ એમને જ્યારે નક્કર અનુભૂતિઓ થઇ, ત્યારે તેમાં વિશ્વાસ બેઠો. શ્રીઅરવિંદ લંડનમાં પાદરીને ત્યાં હતા ત્યારે રોજ યંત્રવત્ પ્રાર્થના બોલી જતા હતા. પણ તેમાં તેમને શ્રદ્ધા ન હતી. તેથી તેવી પ્રાર્થનાનું કોઇ પરિણામ સર્જાયું નહોતું. તેઓ તો સંશયવાદી હતા. ઈશ્વરના અસ્તિત્વમાં તેમને શ્રદ્ધા ન હતી. પણ સહજપણે એમના જીવનમાં ઊતરી આવેલી આધ્યાત્મિક અનુભૂતિઓના પ્રકાશે એમની અંદર રહેલા સંશયવાદના અંધકારને હટાવી દીધો.

પ્રાર્થનાની શક્તિનો પ્રથમ અનુભવ તેમને બંગાળમાં થયો. ત્યારે તે રજાઓમાં કલકત્તા ગયા હતા. એમની માસીની દીકરીને ટાઈફોઇડ થયો હતો. એ કેમે ય ઊતરતો ન હતો. ડૉક્ટરોએ આશા છેડી દીધી ને કહી દીધું કે હવે તો ભગવાન બચાવે તો જ તે બચે. તે લગભગ મરવાની અણી ઉપર હતી. એની ચેતના લુપ્ત થવા માંડી હતી. ત્યારે તેને બચાવવા માટે ઘરના બધા સભ્યોએ સાથે મળી ભગવાનને પ્રાર્થના કરી. આમ પ્રાર્થનામાં મૃત્યુમાંથી ઉગારી લેવાની શક્તિ રહેલી છે એ શ્રીઅરવિંદે પ્રત્યક્ષ અનુભવ્યું અને ત્યારથી પ્રાર્થનાની ચમત્કારિક શક્તિમાં તેમને વિશ્વાસ બેઠો.

પ્રાર્થનાની શક્તિના આવા જ બીજા અનુભવની વાત તેમણે પોતાના મિત્ર માધવરાવ પાસેથી સાંભળી હતી. તે વખતે માધવરાવ એકલા વડોદરામાં રહેતા હતા અને તેમનું કુટુંબ



નવસારી રહેતું હતું. ત્યાં નવસારીમાં એમનો પુત્ર મરવા પડ્યો હતો. ડૉકટરોએ કહી દીધું હતું કે હવે આ બચશે નહીં. કુટુંબીજનોએ માધવરાવને આ સમાચાર વડોદરા જણાવ્યા. ત્યારે માધવરાવે તાર કર્યોઃ 'બધી જ દવા બંધ કરી દો ને ભગવાનને પ્રાર્થના કરો.' બધાંએ ભગવાનને પ્રાર્થના કરી ને છોકરો સાજો થઇ ગયો. માધવરાવે આ બધા તાર શ્રીઅરવિંદને બતાવ્યાં હતા. આમ પ્રાર્થનાથી જીવનદાન મળે તો પછી બીજી કઇ વસ્તુ ન મળે? અશક્ય જણાતી બાબતો પણ પ્રાર્થનાથી સિદ્ધ થઇ શકે એની નક્કર પ્રતીતિ આ અનુભવોએ શ્રીઅરવિંદને કરાવી.

શરીર છોડીને ચાલ્યા જતા આત્માઓને સૂક્ષ્મ જગતમાંથી બોલાવીને તેમની સાથે સંપર્ક રાખી શકાય છે, તેનો અનુભવ પણ શ્રીઅરવિંદને વડોદરામાં થયો હતો. તેમના નાનાભાઇ બારીન્દ્રને આવી બાબતોમાં ઘણો રસ હતો. તેઓ વડોદરામાં શ્રીઅરવિંદ સાથે રહ્યા ત્યારે પ્લેન્ચેટના પ્રયોગો દ્વારા આત્માઓને બોલાવતા હતા. જો સાંજનો સમય હોય તો શ્રીઅરવિંદ પણ પ્રયોગમાં ઘણીવાર હાજરી આપતા.

પ્લેન્ચેટના પ્રયોગો દ્વારા ટેબલ ઉપર ટકોરા પડે એ દ્વારા બારીન્દ્ર પ્રશ્નોના ઉત્તર મેળવતા. તેઓ પ્લેન્ચેટ દ્વારા અનેક આત્માઓને બોલાવતા હતા. એક વખત એમણે પોતાના પિતાના આત્માને બોલાવ્યો. પણ એ આત્મા ડૉ.કૃષ્ણધનનો જ છે એની ખબર કેમ પડે? આથી એ અંગેની ખાતરી માટે તેને કોઇ નિશાની આપવા કહ્યું. ત્યારે એમણે બારીનને એક સોનાનું ઘડિયાળ આપ્યું હતું, તેની યાદ અપાવી. બારીન તો આ વાત સાવ ભૂલ જ ગયા હતા. પણ જ્યારે તેમને આ કહેવામાં આવ્યું

ત્યારે યાદ આવ્યું કે એ વાત સાચી હતી. એ આત્મા પાસે બીજી એક વધુ સાબિતી માગી. ત્યારે એમણે કહ્યું: 'દેવધર એન્જિનીયરના ઘરની ભીંત પર અમુક ચિત્ર દોરેલું છે.' પછી આ ચિત્ર અંગે તપાસ કરવામાં આવી પણ એ ચિત્ર ક્યાંય મળ્યું નહીં. આથી ફરી પૂછતાં ડૉ.કૃષ્ણધનના આત્માએ કહ્યું: 'બરાબર તપાસ કરાવો.' પછી ઘરનાં સૌથી વધુ વૃદ્ધ માજીને પૂછ્યું તો તેમણે જણાવ્યું કે, 'હા, અહીં એક ચિત્ર હતું, પણ ચૂનો ધોળતાં એ દબાઇ ગયું છે.' આમ એ આત્માએ જે કોઇ ન જાણતું હોય એવી વાતની સાબિતી આપતાં સહુને ખાતરી થઇ કે એ ડૉ.કૃષ્ણધનનો જ આત્મા છે. આવી પ્લેન્ચેટની એક બેઠકમાં લોકમાન્ય તિલક પણ હાજર હતા. ડૉ.કૃષ્ણધનના આત્માને તિલક વિષે પૂછ્યું કે 'આ કેવા માણસ છે?' ત્યારે તેમણે જવાબ આપ્યો, 'જ્યારે તમારું બીજું બધું કામ વણસી જશે, ઘણા લોકો ઝૂકી જશે, ત્યારે આ માણસ અણનમ મસ્તક રાખશે.' એમની આ વાત પણ સાચી પડી હતી.

એક વખત શ્રી રામકૃષ્ણ પરમહંસના આત્માને પણ બોલાવવામાં આવ્યો હતો. તેઓ કશું બોલ્યા નહીં. જતાં જતાં તેમણે માત્ર એટલું જ કહ્યું: 'મંદિર ઘડો. મંદિર ઘડો.' તે વખતે હિંદને સ્વતંત્ર કરવાની એકમાત્ર ઇચ્છા સહુના મનમાં રમતી હતી. વળી ભવાની મંદિરનું નિર્માણ કરવાનું વિચારણા હેઠળ હતું, એટલે આ શબ્દોનું અર્થઘટન 'ભવાની મંદિરનું નિર્માણ કરો' એમ સહુએ કર્યું. પરંતુ વરસો બાદ, યૌગિક સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા બાદ શ્રીઅરવિંદે આ શબ્દોનું સાચું અર્થઘટન કરતાં જણાવ્યું કે 'મંદિર ઘડો, એનો અર્થ એ કે તમારી પોતાની અંદર માનું મંદિર ઘડો. તમારી જાતનું એવું રૂપાંતર કરો કે એ માના મંદિર



રૂપ બની રહે.'

યૌગિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં આવા પ્લેન્ચેટના પ્રયોગોનું કોઇ જ મહત્ત્વ નથી. પણ સ્થૂલ પદાર્થ જ વાસ્તવિક છે એવું નથી. ચેતનાની અન્ય ભૂમિકાઓ છે અને એ ભૂમિકાઓ દ્વારા પણ કાર્ય થઇ શકે છે એવું શ્રીઅરવિંદ આ પ્રયોગો દ્વારા જાણી શક્યા. આમ સ્વાભાવિક રીતે જ જીવનમાં બની આવેલી આવી સૂક્ષ્મ જગતની ઘટનાઓએ શ્રીઅરવિંદના અંતરમાં સૂક્ષ્મ જગતના અસ્તિત્વની પ્રતીતિ કરાવી આપી.

અનંત બ્રહ્મના સાક્ષાત્કારની અનુભૂતિ પણ એમના જીવનમાં સહજપણે ઊતરી આવી હતી. તે વખતે મહારાજાની સાથે કાશ્મીર ગયા હતા. ત્યારે તેમને નિર્વાણ કે બ્રહ્મ વિશે કંઇ જ જ્ઞાન નહોતું. તેમણે શાસ્ત્રોનો એવો કોઇ અભ્યાસ પણ કર્યો ન હતો છતાં એકાએક એમને તખ્તે સુલેમાનની ટેકરી જેને શંકરાચાર્યની ટેકરી પણ કહેવામાં આવે છે તેના પર અનંત તત્ત્વનો સાક્ષાત્કાર થયો હતો. તે ક્ષણે શૂન્યમાં બધી જ વસ્તુઓનો લોપ થવા લાગ્યો હતો. હું સ્વયં અને સમગ્ર વિશ્વ એક સર્વવ્યાપી અગમ્ય શૂન્યની અંદર વિલીન થઇ રહ્યું છે, એવું મને લાગ્યું હતું.' આ અનુભવને વ્યક્ત કરતું, 'અદ્વૈત' નામનું કાવ્ય પણ શ્રીઅરવિંદે લખ્યું હતું. વરસોની તપશ્ચર્યા પછી યોગીઓને નિર્વાણની અનુભૂતિ થાય છે, તે શ્રીઅરવિંદના જીવનમાં અન્ય આધ્યાત્મિક અનુભૂતિઓની જેમ જ સહજ પણે ઊતરી આવી. સાધનામાં સામાન્ય રીતે એવું બનતું હોય છે કે પહેલાં ગુરુ દ્વારા કે શાસ્ત્રો દ્વારા મનુષ્ય માનસિક જ્ઞાન મેળવે છે. અને પછી આ જ્ઞાન દ્વારા તેને આધ્યાત્મિક સાક્ષાત્કારો થતા હોય છે. પણ શ્રીઅરવિંદની બાબતોમાં ઊલટું બન્યું. તેમને

પહેલાં આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ અને તેની પરિભાષા—મીમાંસા, શાસ્ત્રોક્ત જ્ઞાન એ બધું તો વરસો પછી જ્યારે તેમણે વેદોનો અને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો ત્યારે મળ્યું.

પથ્થરની મૂર્તિમાં પણ ભગવાનની હાજરી હોઈ શકે છે, એવું પહેલાં શ્રીઅરવિંદ સ્વીકારતા ન હતા. મૂર્તિ એ મૂર્તિ છે, એ પ્રતીક છે. પણ એ ભાગવત્ ચેતનાને વહન કરે છે, એ સ્વીકારવા તેઓ તૈયાર ન હતા. વળી પાશ્ચાત્ય સંસ્કારોના પ્રભાવને લઈને પણ તેઓ મૂર્તિપૂજાને સ્વીકારતા ન હતા. પણ એક નક્કર અનુભૂતિએ એમની આ માન્યતાને સદંતર બદલી નાંખી. એક વખત તેઓ નર્મદાકિનારે ચાંદોદ—કરનાળીના એક નાના કાલીમંદિરમાં ગયા. ત્યાં તેમણે મા કાલીની પાષાણ પ્રતિમા સામે જોયું તો તે પાષાણ પ્રતિમા ન હતી. પણ સાક્ષાત્ મા કાલી હતાં! આ અનુભવ વિશે પણ તેમણે શિષ્યોને વાર્તાલાપમાં જણાવ્યું હતુંઃ 'એ વખતે મારા મન ઉપર યુરોપિયન સંસ્કારો ઘણા હતા, એટલે દેવતાઓમાં મને શ્રદ્ધા ન હતી. હું કરનાળી ગયો હતો. ત્યાં કેટલાંક મંદિર હતાં. એમાં એક કાલીનું મંદિર હતું. એમાં મેં જ્યારે મૂર્તિની સામે જોયું ત્યારે મને દેવીની હાજરીનો સાક્ષાત્કાર થયો હતો. ત્યારથી ઈશ્વરની સન્નિધિ વિશે મારામાં શ્રદ્ધા બેઠી.' આ અનુભૂતિ વિશે પણ તેમણે 'પાષણ પ્રતિમા' નામે કાવ્ય લખ્યું છે. હાલ ચાંદોદ—કરનાળીનાએ કાલીમંદિરમાં આ કાવ્ય પણ મૂકવામાં આવ્યું છે. મૂર્તિપૂજા નિરર્થક નથી. એ પણ ભાગવત ચેતનાનું વહન કરી શકે છે. એની નક્કર પ્રતીતિ થતાં મૂર્તિપૂજા વિશેની તેમની શંકા નિર્મૂળ બની ગઈ.

આમ અનાયાસે થયેલા આ સઘળા આધ્યાત્મિક અનુભવોએ



શ્રીઅરવિંદના યુરોપિયન સંસ્કાર સંપન્ન માનસમાં આધ્યાત્મિક જગત પ્રત્યે આકર્ષણ જગાડ્યું. તેમના અંતરમાં ભગવાનને પ્રાપ્ત કરવાની ઝંખનાનું બીજ રોપ્યું અને તેમની દૃષ્ટિને અંતરમાં વાળી, તેમને યોગના માર્ગ પર સહજપણે લાવી દીધા.

**યોગારંભ**

આધ્યાત્મિક અનુભૂતિઓએ શ્રીઅરવિંદને યોગમાં રસ જગાડ્યો. એ પહેલાં તેમને યોગમાં જરા પણ રસ ન હતો. પ્રચલિત યોગની સાધનામાં તો સંસાર અને જગતનો ત્યાગ કરવાની વાત હતી અને શ્રીઅરવિંદને આવા પ્રકારની સાધના ખપતી નહોતી. આ વિશે તેમણે કહ્યું હતુંઃ 'મેં મનથી નક્કી કર્યું હતું કે જો યોગસાધનામાં જગતનો અને સંસારનો ત્યાગ કરવાનો હોય તો એવો યોગ મારા માટે નથી.' શ્રીઅરવિંદ જગતનો ત્યાગ કરાવે તેવા યોગમાર્ગે જવા ઇચ્છતા નહોતા. તે સમયે તેમનું ધ્યેય હિંદની સ્વતંત્રતાનું હતું. આ કાર્ય માટે તેમને આધ્યાત્મિક શક્તિ જોઈતી હતી. જો આ આધ્યાત્મિક શક્તિને કર્મના ક્ષેત્રમાં પ્રયોજી શકાય તેમ હોય તો જ યોગસાધના એમને સ્વીકાર્ય હતી. અને તેમને શક્તિને કર્મના ક્ષેત્રમાં પ્રયોજવાનો પુરાવો પણ મળ્યો.

તે વખતે તેમના નાનાભાઈ બારીન્દ્ર ભવાની મંદિરની સ્થાપના માટે વિન્ધ્યના જંગલમાં ગયા હતા. ત્યાંથી ઝેરી તાવ લઈને વડોદરા આવ્યા. આ તાવ કેમેય કર્યો ઊતરતો નહોતો. એ દરમિયાન એક નાગા સંન્યાસી શ્રીઅરવિંદના ઘરે આવ્યા. બારીન્દ્રને સૂતેલા જોઈને તેમણે પૂછ્યુંઃ 'કોણ સૂતું છે?'

શ્રીઅરવિંદે તેમને બારીન્દ્રના તાવની સઘળી હકીકત કહી ત્યારે તેમણે કહ્યુંઃ 'દવાથી તાવ કદાચ ન ઊતરે, પણ

મંત્રશક્તિથી તે ચોક્કસ ઊતરી જાય. આપ કહો તો પ્રયોગ કરું.'

શ્રીઅરવિંદની સંમતિ મળતાં તેમણે પાણીથી ભરેલો એક પ્યાલો અને એક ચપ્પુ મંગાવ્યાં. પછી તેમણે તે પ્યાલો હાથમાં લીધો અને તેના પર કંઈક મંત્ર ભણીને ચપ્પુથી પાણીમાં ચોકડી કરીને એ પાણી બારીન્દ્રને પી જવા કહ્યું ને બોલ્યાઃ 'હવે તાવ નહીં આવે.'

સાધુ તો પછી જતા રહ્યા અને સાથે બારીનનો તાવ પણ ગયો. યોગશક્તિનો વ્યવહારમાં ઉપયોગ કરી શકાય છે, એનું આ બનાવે શ્રીઅરવિંદને પ્રત્યક્ષ દર્શન કરાવ્યું. ત્યારે એમને થયું કે 'યોગસાધના દ્વારા શક્તિ મેળવી શકાય છે. તો પછી આ શક્તિ મેળવીને તેનો દેશની સ્વતંત્રતા માટે ઉપયોગ કેમ ન કરવો?' આમ તેઓ યોગ તરફ વળ્યા. આ વિશે શિષ્યોએ તેમને પાછળથી પ્રશ્ન પૂછ્યો હતોઃ 'હિંદને સ્વતંત્ર કરવાની તમારી ભાવનાનો ભગવાને બહુ હોંશિયારીપૂર્વક લાભ લીધો, નહીં?'

આના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે 'એ જમાનો હતો કે દેશ પહેલો, માનવજાતિ પછી—એ સૂત્રનો. બાકીની વસ્તુઓ માટે ત્યારે સ્થાન જ ક્યાં હતું? અંતરના પરદા પાછળથી કોઈ વસ્તુએ મારા મન પાસે સાધનાના વિચારનો સ્વીકાર કરાવ્યો. આધ્યાત્મિક જીવનમાં મારો પ્રવેશ બાજુ પરના દ્વારથી થયો હતો.' આ બાજુ પરનું દ્વાર એટલે દેશની મુક્તિનું કાર્ય. એ કાર્ય ઝડપી બને તે માટે તેમણે યોગસાધના આરંભી પણ પછી તો એ જ એમના જીવનનું મુખ્ય કાર્ય બની ગઈ.



# પારસમણિ—જેવાં શુભચિંતન

ડૉ. પ્રકાશ ગજ્જર

## વિરાટના અજવાળે

**બધું, એટલે કે બધું જ, પરમાત્માના હાથમાં સોંપીને હું મારા પરમ માંગલ્યનું સ્વાગત કરવા સજ્જ બનું છું.**

હું કોઈ પણ પ્રવૃત્તિ કરું ત્યારે આરંભમાં જ એવી સરસ ભાવના રમતી કરું છું કે પરિણામ સરસ જ આવશે જ. માત્ર જમાઉધારમાં રાચતી દુન્યવી બુદ્ધિની સીમાનો ખ્યાલ મને વધારે ને વધારે આવતો જાય છે. એટલે બાહ્ય આધાર ના હોય ત્યારે પણ હું હંમેશાં સારા પરિણામની આશા જ રાખું છું.

આમાં પહેલી સરસ પ્રક્રિયા એ થાય છે કે ઈશ્વરમાં શ્રદ્ધા રાખી સારું જ પરિણામ આવવાનો દઢ વિશ્વાસ રાખતાંની સાથે જ મારી ચિંતા નહીંવત્ બને છે ને પ્રભુની અસીમ શક્તિમાં સમર્પણભાવ વધતો રહે છે.

મેં તો આ માટે એક સરસ પ્રયોગ વિકસાવી કાઢ્યો છે. અસીમ શક્તિવાળા પરમાત્માને હું એક પત્ર લખવા બેસી જાઉં છું! એકાંત શોધીને કે એમ જ હું ઈશ્વરીય ચેતના ને અસીમ શક્તિ ઉપર એકાગ્ર થાઉં છું; ને ટૂંકમાં મારે જે કહેવું હોય એ બધું જ નિખાલસભાવે એ અંગત પત્રમાં લખી દઉં છું.

પત્ર પૂરો થતાંની સાથે હું એક વિશેષ શાંતિ, આનંદ, ઉત્સાહ અને અવર્ણનીય નિરાંતનો અનુભવ કરું છું.ચિંતા તો રહે જ શાની? એ બધું તો ઈશ્વરને સોંપાઈ ગયું હોય. પરમ આનંદે છલકાતો હું ઈશ્વરીય માર્ગદર્શન પ્રમાણે કામે લાગું છું.

હું વધારે સ્વસ્થ, સબળ અને સમૃદ્ધ બનું એવું ઈશ્વરનું આયોજન છે. હું એ પરમ શક્તિમાનનું માર્ગદર્શન, સંરક્ષણ અને અખંડ સહયોગ ઉપર આધાર રાખું છું. બરાબર યોગ્ય રીતે મારી પ્રાર્થનાનો જવાબ મળે જ છે.

## દિવ્ય વ્યવસ્થા

**અહીં, આ ક્ષણે, હું ઈશ્વરની દિવ્ય વ્યવસ્થાનો અનુભવ કરી રહ્યો છું.**

હું અત્યારે જ્યાં છું ત્યાં ઈશ્વરની અદ્ભુત વ્યવસ્થાશક્તિનો અનુભવ કરી રહ્યો છું. બાહ્ય દેખાવ, સંજોગો, વાતારવરણ વગેરે જોતાં કોઈને એમ પણ લાગે કે આ બધું તો સામાન્ય છે. પણ હું તો સપાટીની અંદર જોવાની કોશિષ કરું છું; તો મને નિરાળી વ્યવસ્થાનાં દર્શન થાય છે.

દિવસે આકાશમાં સૂર્ય એના નિયત સમયે ઊગે છે. એનો વહેલા મોડા ઊગવાઆથમવાનો ક્રમ આપણે પહેલેથી કહી શકીએ. જાણ્યે—અજાણ્યે આપણો જીવનક્રમ સૂર્યના ગતિ સાથે સંકળાતો હોય છે.

રાતના આકાશમાં ચંદ્ર ઉદય પામે, ઉત્તરોત્તર એની કળા વધે, પૂનમ આવે, કળા ઘટે, અમાસ આવે ને વળી પાછી બીજ! અસંખ્ય આકાશગંગાઓ, તારાઓ, નક્ષત્રમંડળો, એ બધાંની ગતિ વ્યવસ્થિત.

વનસ્પતિજગત પણ અનેક આશ્ચર્યોથી ભરેલું. એવું જ આશ્ચર્યમય વિશ્વ પશુપંખી અને અન્ય જીવસૃષ્ટિનું. સાગરો, નદીઓ, પર્વતો, અંધારું, અજવાળું, પડછાયો, ગુરુત્વાકર્ષણ, પંખીના માળા, જન્મ—મરણ... અહોહો! બાહ્ય વ્યવસ્થાની પાછળ એક ગંજાવર, અદશ્ય નિયમનચક્ર કામ કરી રહ્યું હોય



એમ માનવું જ પડે. બીજું કાંઈ નહીં તો આપણે પોતાના શરીરનો જ વિચાર કરીએ તોય મંત્રમુગ્ધ બની જવાય. એક શક્તિ જે વિરાટ બ્રહ્માંડને સાચવે છે, ચલાવે છે, એ જ આપણી અંદર પણ કામ કરી રહેલી છે, એમાં શંકા નથી.

આ બધા વિષેનો આછો વિચાર પણ દૃઢ કરાવે છે કે સમગ્ર બ્રહ્માંડ ને એના કણકણની પાછળ એક સુનિયોજિત વ્યવસ્થાતંત્ર છે જ. એક આયોજન છે, એક માર્ગદર્શન છે, એક સત્તા છે. એ અનામિ, બહુનામિ વિરાટની વ્યવસ્થાશક્તિનો હું અહીં, આ પળે અનુભવ કરી રહ્યો છું.

(પારસમણિમાંથી)

તમે તમારા સંજોગોને, દુનિયાને કે સમાજને તમને અનુકૂળ થાય તે રીતે બદલી શકો નહીં. પણ તમારામાં શક્તિ અને સંકલ્પ હોય તો જિંદગીના આ સરઘસમાંથી તમે સફળપણે આગળ જઇ શકો.

**—સ્વામી રામ**

ધ્યાન વખતનો માનવ વ્યવહાર વખતના માનવથી જુદો ના હોવો જોઈએ.

**—યોગેશ્વરજી**

# વિદેશની ધરતી પર પૂ.માની નિત્યનોંધ

મા સર્વેશ્વરી

**તા.૨૦/૦૭/૦૮ ટૂરો**

ગઈરાતે ટૂરોના નિવાસ સ્થાને બહેન બ્રીજ મળે છે, જાણે શબરીની જ નાની આવૃત્તિ—શ્રદ્ધા, ભક્તિ, ભાવ, પ્રેમ. જાણે એના એક એક અભિનયમાં ભાવજગતનું અદ્‌ભુત દર્શન થયાં કરે.

માને મળતાં જ મસ્ત બનીને ગાઈ ઊઠી છે અને પછી તો ગઈરાતે એક બે પદ પણ સૌને સંભળાવે છે. યાત્રીઓના ભોજનનું ગઈરાતનું પુણ્યપણ એ બહેન લઈ જાય છે. શ્રીજગનિર્મલની મિત્રતા આજની યાત્રામાં સહાયક થઈ છે.

આજે સવારથી ગઈકાલની શ્રીહરિની હાજરીનું સતત સ્મરણ રહ્યું અને એ સ્મરણમાંથી પણ કલમે શ્રીહરિ અવતર્યા છે.

શું લખે છે શ્રીહરિ વાંચો, ગાવ, સમજો.

**રાગ વરદ્ હસ્તે**

કોણે કરી આ રક્ષા અમારી?
માત બનીને ગોદ પ્રસારી.
આંચકો દઈને અંકે રમાડી
કોણે ધરી આ પુષ્પપથારી?
ઉઘાડી આંખે કૃપા નિહાળી
શ્રદ્ધા ભક્તિની જ્યોત્ જગાવી—
વરદહસ્તે વ્હાલે વધાવી



હસતા રાખીને હૈયે લગાડી,
કોણ ઊભું આ સામે અમારી?
સર્વ સમર્થની જાણે નિશાની—
સર્વેશ્વરીના સમર્થસ્વામી
ભવાટવીના બન્યા સુકાની,
વંદન હજારો સૌના સ્વીકારી,
સંનિધિ સુખની ધરો પ્રસાદી—

છપ્પન ભોગનો આ અન્નકૂટ શ્રીહરિએ રક્ષાનો ધરીને પાછા વારંવાર દરેક યાત્રીને યાદ કરાવે છે કે હું છું. રક્ષક, તમારો પણ.

શ્રીહરિના આ સંદેશા જેને જેને વાંચતા, સમજતાં, આવડે, તેને તેને આઠેપ્રહર આનંદ છે.

આજે તો સૌ હેલીફેક્ષ મંદિરે અને શહેરમાં ફરવા ગયા છે.

અહીં આ બેસ્ટવેસ્ટર્ન મોટલમાં માત્ર અનિલભાઈ, શ્રીનિર્મલ તથા મા જ રોકાયાં છે.

આજે ઘણા દિવસે જાણે ફરી વિશ્રામ, નિરાંતનો સમય શ્રીહરિ માને ધરી રહ્યા છે.

પણ આ વિશ્રાન્તિમાં પણ શ્રીહરિ પાછા રક્ષાકવચને યાદ કરી કલમ પકડાવી ગયા છે.

શ્રીહરિને કલમ પકડવામાં ક્યાં કોઈ ગ્રહો, નક્ષત્ર, ચોઘડિયાં કે ઋતુ જોવી પડે છે! એની મોજ નિરાળી છે. એ રાતે, દિવસે, મારગડે, ઘરમાં, અરે, ગમે ત્યારે, ગમે ત્યાં એ પોતાનું ધારેલું લખાવીને જ જંપે છે.

શ્રીહરિએ દીવો લઈને શોધવા જવું પડતું નથી કે હું કોને નિમિત્ત બનાવું. એમણે વર્તમાનપત્ર કે ટી.વી.માં પણ વોન્ટેડની

જાહેરાત આપવી પડતી નથી. એનાં આયોજન સઘળાં સોળે શણગાર સજીને જ અમલમાં આવતા હોય છે, એટલે એક પણ નાની ત્રૂટી પણ શોધવી મુશ્કેલ છે.

આજે આખો દિવસ કહો કે આ પદની એક એક પંક્તિએ કબજો કરી લીધો છે, સતત એ ગાવામાં માણવામાં દિવસ જાણે પૂરો થઇ ગયો!

પ્રભુના પ્રસાદનો એ પ્રભાવ માને પણ મલકાવતો ગયો.

માળા થઇ ગઇ છે. રાતે ૧૦ ની બેઠકમાં મા આવે છે. લીલકી ફિલ્મ સૌ જુએ છે. આજે પણ શ્રીદલપતભાઇ સારંગી સંભળાવે છે. બ્રીજબાળા પણ બે પદ સંભળાવે છે, અને તે પછી ગરબાની રમઝટ સૌએ માણી છે. નાના મોટા સૌ મસ્ત બની રાતે ૧।। વાગે પણ ગરબામાં ઘૂમી વળ્યાં છે. એ સૌની મસ્તી જોતાં મા યાદ કરાવે છે.

હેમલ સ્નેહલને ફોન કરો, દુકાન ખોલાવીને સૌને આઇસ્ક્રીમ ખવડાવે.

અહીં ટૂરોમાં ૨૪ કલાક ખુલ્લો રહે તેવો સ્ટોલ છે ત્યાંથી શ્રીપ્રભુભાઇ તથા ભાઇપંકજ આઇસ્ક્રીમ લઇ આવે છે. એ આઇસ્ક્રીમ પેલી નાનકડી નૌકા તરફથી મળ્યો છે, તો સૌ એનું ગીત પણ ગાય છે.

ગરબામાં યુવાનબહેનો કૉલેજીયનો ખૂબ સરસ ગરબા લઇ રહી છે. પૂજા, હેમાલી, ગાર્ગી, ગોપી ખાસ નોંધપાત્ર છે. જાણે ખાસ કોઇ સંસ્થામાં તાલીમ લીધી હોય એટલી સરસ એમની અભિનય કલા છે.

કૉલેજીયનોમાં એક સાથે શિક્ષણ અને વિવિધ પ્રવૃતિમાં રસ લઇને બાળકો કેવાં સરસ આગળ વધી રહ્યાં છે, જોતાં જ જાણે



હાશ થઇ જાય. વિદેશમાં જ જન્મેલી દીકરીઓ વિશેષ પ્રસાદ લઇને જ જન્મી હોય એવું લાગે છે.

આજે આખો દિવસ મા મળ્યાં જ ન હતાં. રાતે ૧૦।। થી ૧।। સૌની સાથે પસાર થયો છે. ગરબાની મસ્તીમાં સૌને ખૂબ આનંદ આવ્યો છે.

હે મારાનાથ, સૌની રક્ષા કરો. સૌને દર્શન દઇને સમાવી લો. પ્રભુ પ્રગટ થાવ. પ્રસન્ન થાવ. હે પ્રભુ, દર્શન દઇને સમાવી લો. પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

માતાપિતા બાળકો માટે વખત કાઢશે તો બાળકો મોટાં થતાં માતાપિતા માટે વખત કાઢશે.

—મા

ફૂલ સુગંધથી સંપન્ન હોય તો વાયુ દેવતા એને લઇ જાય. —મા

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પૂ.માની સંનિધિના—સાગરના હરિરસમાં સ્નાન

ડૉ. બી. જે. જાગાણી

પૂ.માનું જીવન જ મહોત્સવ સમું છે. એ જીવનતીર્થના કિનારે બેસનાર, એ જીવનને જોનાર, એ જીવનને વાંચનાર એ જીવનને દૂરથી પણ શ્રવણ કરનાર ધન્ય બની જાય છે. 'શબ્દ સન્નિધિ' પુસ્તકમાં તો પતંજલિ યોગસૂત્રની માફક પૂ.શ્રીમાની સ્લેટમાંથી સરી પડતાં સહજ વાક્યો જ્ઞાનને, આચરણને, વ્યવહારને, ધર્મને, અધ્યાત્મને, સંતને, ભક્તને, શાસ્ત્રને સહજ રીતે સમજાવી દે છે. એટલે જ પૂ.શ્રીમાએ એક વાક્ય લખ્યું છે ''મા પાસે નિયમિત આવનારાં ભરાયાં છે, ઊભરાયાં છે, છલકાયાં છે, દ્રવીભૂત થયાં છે એ જ એમની પ્રગતિની ફૂટપટ્ટી.''

આ સારભૂત વાક્યની પાછળ હજારો સાધકો પર વરસેલી માની કૃપા છે. કેટલાય સાધકોનાં દુઃખ દર્દ દળાયાં છે, ઈચ્છાપૂર્તિ થઈ છે, પ્રત્યક્ષ ને પરોક્ષ સહાય મળી છે, સંસારના તીખા તાપમાંથી બચાયું છે ને તરસ્યાને જેમ જળ ને શીતળ છાયાં મળે ને જે આનંદ થાય તે આનંદ ને પ્રસન્નતા મળ્યાં છે. અરે! હરિને ભજવાનું આશ્રયસ્થાન(Sanctury) મળ્યું છે. પાર્કિંગ લોટમાં ગાડી પાર્ક થાય, આરામ મળે, વિશ્રાંતિ મળે, રીપેર થાય ને પૂરપાટ દોડતી થાય એ જ રીતે સંસારરૂપી રાજમાર્ગ સાધકરૂપી ગાડીને પૂ.શ્રીમાની આ સત્કર્મની સંનિધિએ



કેટલાંયનાં જીવન કંડાર્યાં છે ને, શ્રી હરિની ઓળખ આપી છે. કહેવાય સત્કર્મ યજ્ઞ, પણ હરિને મિલન કંકોત્રી ને વૃંદાવનની રાસલીલા બની જાય છે. એટલે જ મા કહે છે કે નિયમિત આવનારાં 'છલકાયાં' છે.

અહીં પણ આજે પૂ.શ્રીમાની સંનિધિ શ્રી હરિરસથી, માના પ્રેમરસથી, સંનિધિની શીતળતાથી, શરણાગતિથી, અરસપરસના પ્રેમથી, આસક્તિના ક્ષણિક છેદનથી છલકાતાં, મલકાંતાં અને હરખાતાં સાધકો સત્કર્મ માટે સજ્જ બન્યા છે. કહો કે પૂ.શ્રીમાની કૃપાથી સત્કર્મ માટેની એક તક પામ્યા છે.

તા.૩૦–૧૨–૨૦૦૯નું પ્રભાત પ્રગટ્યું છે. સૌ પ્રણામ પૂજા પૂર્ણ કરી, હળવો નાસ્તો લઈ સત્કર્મ માટે તૈયાર થઈ ગયા છે. અમેરિકાથી પૂ.શ્રીમાની સંનિધિ પામીને પ્રેમરસથી છલકાયેલી નાની બાલિકાઓ ગોપી–ગાર્ગી આજના સત્કર્મના પ્રમુખ સહયોગીઓ છે. સ્ટેજ પાસે ધાબળા, રૂમાલ, શેરતંજી, કથરોટ, પવાલી, બોઘડાં, લોટાં, અનાજ, તેલ, બુંદી, ચવાણું, ચીકી, વેફર, સાબુ, બિસ્કીટ, શર્ટ, સાડી, વગેરે વસ્તુઓ ગોઠવાઈ ગઈ છે. એ વસ્તુઓ પ્રાપ્ત કરનારા ૭ ગામના સુપાત્રો પણ ગોઠવાઈ ગયા છે. ભક્તિ સભર પદો માઈક પર સંભળાય છે. ઘરથી દૂર, માની લીધેલા સંસારથી દૂર, મનથી પણ દૂર એવા હરિરસથી ભરપૂર સ્વર્ગારોહણમાં સૌ પૂ.શ્રીમાની સંનિધિ, દર્શન ને ઉપસ્થિતિની રાહ જોઈ રહ્યાં છે. પૂ.શ્રીમા પધારે છે. સ્લેટ પર લખે છે. (ગોપી–ગાર્ગી વિશે)

માઃ ''માત્ર બે વિદ્યાર્થીનીઓ પોતાના પરસેવાની કમાણી અહીં વાપરવા માટે આવી છે, એ એક નોંધપાત્ર ઘટના છે.

અહીંથી કોઇ બે વિદ્યાર્થી પોતાની કમાણી આફ્રિકાનાં જંગલમાં વાપરવા જાય ખરાં?

સ્વર્ગારોહણ આવવા માટે દશ વાર વિચાર કરે. આ તો અમેરિકાથી સ્વર્ગારોહણ સત્કર્મ માટે પધાર્યાં. એર લાઇન્સવાળા એવું નથી કહેતા કે તમે સ્વર્ગારોહણ જાઓ છો તો લો આ ફ્રી ટિકિટ, પ્લેઇનની ટિકિટ, અહીં વાપરવાની રકમ, એ માટે ભારે પડી જાય ભારત આવવું. આ રકમ માટે ભણતરની સાથે જોબ પણ કરી લે છે.''

ગોપીને પૂ.શ્રીમા પ્રતિભાવ આપવા જણાવે છે. ગોપી પોતાનો પ્રતિભાવ આપે છે.

ગોપીઃ ''માને થેંક્યું. ભારત આવવાનું થયું ને મમ્મી પપ્પાએ મને ભારત મોકલી તે પૂ.શ્રીમાની જ કૃપા છે. અહીં સત્કર્મમાં બોલાવતાં રહેજો, આશીર્વાદ આપતાં રહેજો. અહીં બધા સાધકોએ મને પોતાની કરી છે. મમ્મી—પપ્પા ઘેર(અમેરિકા) રહ્યાં ને મને અહીં મોકલી તે માટે આભાર.'' હવે ગાર્ગીબહેન પણ પૂ.શ્રીમાની આજ્ઞાથી પોતાનો પ્રતિભાવ આપે છે.

ગાર્ગીઃ ''સ્વર્ગારોહણ એ આપણું ભારત છે. મારું તો ઘર છે. બધાનું પણ ઘર છે. અહીં સત્કર્મમાં સહભાગી બનાવી તે માટે પૂ.શ્રીમાનો આભાર. બધી વસ્તુઓ સુપાત્રોને આપીશું ત્યારે તેઓને કેટલી ખુશી થશે! પૂ. શ્રીમાની ને સાધકોની કલાકોની મહેનત પછી આવા સત્કર્મો થાય છે. અમે ગામડે તેઓની સ્થિતિ જોવાં ગયાં હતાં. ખૂબ દયનીય સ્થિતિ છે અમે તો પાંચ ઘર જોવા ગયાં તો થાકી ગયાં. અહીં ૧૦૭ પરિવારના સભ્યો



આવ્યા છે તો લાવવામા હેમલભાઇ—સ્નેહલભાઇને કેટલો થાક લાગ્યો હશે? અહીં સ્વર્ગારોહણમાં વહેલી આવીશ. ગોપી—હેમાલી સ્વર્ગારોહણના સાચા એમ્બેસેડર છે. મિત્ર વર્તૂળમાં મા—પ્રભુની વાતો કરે છે એટલે આવવાનું થયું છે.''

પૂ.શ્રીમા ગાર્ગીના પ્રતિભાવને વાચા આપીને અન્ય ભક્તો કેવી સેવા કરી રહ્યા છે તે વિશે સ્લેટ પર લખે છે.

માઃ ''સ્વર્ગારોહણના ઘણાં બધાં સગા સ્વર્ગારોહણની ચિંતા પણ કરે છે. વિદેશમાં કે ભારતમાં રહેતાં ભાઇબહેનો સ્વર્ગારોહણમાં નિયમિત પોતાની મદદ પહોંચાડે છે. સુરતથી વિદેશમાં વસતા શ્રી રમેશભાઇ સ્વર્ગારોહણ દ્વારા જ સેવા પસંદ કરે છે. ગયા મહિને વસ્ત્રોના ત્રણ પાર્સલ મોકલાવ્યા. માએ તે જ બપોરે કન્યા છાત્રાલયમાં વસ્ત્રનું વિતરણ કરાવ્યું. એ રીતે ભારત આવે ત્યારે સુરતથી તદ્દન નવો માલ દુકાનમાંથી ખરીદી સ્વર્ગારોહણ મોકલે. શ્રી રમેશભાઇ માટે ત્રણ મંત્રનું ગાન કરીશું. શ્રી રમેશભાઇ તો મા પર છોડે જ્યાં વસ્ત્રો વહેંચવા હોય ત્યાં. મા પર કેટલો બધો વિશ્વાસ, સંસ્થા પર પણ શ્રદ્ધા. હેમલભાઇ—સ્નેહલભાઇના કામ માટે પણ ખૂબ વિશ્વાસ. તો જ સ્વર્ગારોહણ ત્રણ પાર્સલ મોકલે.

મુંબઇના રીટાબહેન શ્રોફ દર દિવાળીએ આવે છે.તેમનાં પાર્સલ પણ અહીં આવે છે. આખા વર્ષમાં જ્યાં જ્યાં યોગ્ય લાગે ત્યાં વિતરણ થાય છે. કદી પૂછતા નથી ક્યાં, કોને અપાણું.''

હવે સત્કર્મની વસ્તુઓ સુપાત્રોને સહયોગનીઓના હસ્તે અપાય છે. સાધકો સંકીર્તનમાં મસ્ત છે. પૂ.શ્રીમા નાનાં નાનાં

બાળકોને પ્રેરણા આપીને સત્કર્મમાં જોડી દે છે. બપોરનાં બે વાગ્યા છે. સત્કર્મની વસ્તુઓનું વિતરણ થઇ ગયું છે. પૂ.શ્રીમા ખૂબ પ્રસન્ન છે. પ્રસન્નતા વ્યક્ત કરવા સ્લેટ પર રમૂજી તથા અર્થસભર લખે છે. માઃ “આ સમૂહ લગ્ન (સત્કર્મનો) નો છેલ્લો દિવસ છે. ઝૂપડી ને રાજમહેલના લગ્નનો (મિલનનો) ઉત્સવ હતો. આ બધા રાજકુમારો ને રાજકુમારીઓએ ગઇકાલે કુટિયાને (ગામડાના ગરીબોની ઝૂપડીઓને) જોઇ લીધી. એમની સ્થિતિ યાદ રાખશે, અને સ્વર્ગારોહણનો પ્રેમ વધારશે ને પાછાં બાળકો દોડતાં હાજર થઇ જશે.

આજે પાંચ બાળકો (પ્રિયા, પ્રિયા પટેલ, નિમા, કૃપા, કિશન) વિદાય લઇ રહ્યાં છે. ગઇકાલે તેઓ હેમલ–સ્નેહલ સાથે અંબાજીની આજુ–બાજુના ગામડાઓમાં ગયાં હતાં. ત્યાં શું જોયું તે કહેશે.”

તે બાળકોએ ગામડાની દરીદ્રતાનું વર્ણન કર્યું. સાર એ હતો કે ગરીબી ખૂબ છે છતાં મોઢા પર ખુશી છે. ગરીબો અમેરિકામાં પણ છે પણ ભારતના ગરીબો કરતાં ઘણાં સમૃધ્ધ છે. આપણે સત્કર્મમાં જે વસ્તુઓ આપીએ છીએ તે વસ્તુઓ જોઇને બાળકો ખૂબ ખુશ થાય છે. આ બધાં દશ્યો રૂબરૂ જઇને જોયાં ત્યારે ખબર પડી કે આ લોકો માટે કરવાની માએ તક આપી તે ભૂલાય તેવી નથી.

આ પાંચેય બાળકોને પૂ.શ્રીમા સ્વર્ગારોહણની સ્મૃતિરૂપે રક્ષામામ્‌ની શાલ કૃપા જાગાણીના હસ્તે અપાવે છે. પૂ.શ્રીમા પણ ખૂબ પ્રસન્ન છે. આ બાળકોની સાથે વરસોથી સેવામાં સંકળાયેલા શ્રી દમયંતિબહેન પણ અમેરિકા જવાં વિદાય લે છે.



રંજનબહેન રક્ષામામ્‌ની શાલ ઓઢાડે છે. પ્રતિભાવમાં શ્રી દમયંતિબહેન પૂ.શ્રીમાને પ્રાર્થના કરે છે કે ભારતમાં જલ્દી પાછા લાવજો. ભદ્રેશભાઇ પણ અમેરિકાથી ખાસ સેવા માટે આવ્યા છે. તેમને પૂ.શ્રીમા સ્નેહ–પ્રેમથી નવરાવી દે છે. સ્વર્ગારોહણ અને અધ્યાત્મ માટે સ્વર્ગારોહણમાં આવતાં બાળકોએ આર્થિક સહયોગની યોજના પાર પડ્યાનો આનંદ શ્રી રાજુભાઇએ વ્યક્ત કર્યો ને પૂ.શ્રીમાએ સ્લેટ પર લખ્યું કે “૨૦૦૯નું વર્ષનું જીવન જ સૂર્યની જેમ ઝળહળી રહ્યું છે. સ્વર્ગારોહણને ઘણાં બધાં બાળકો પાતાનું જ માને છે ને સ્વર્ગારોહણની ચિંતા પણ કરે છે. આ બાળકો દીર્ઘ–દ્દષ્ટા છે. ખૂબ લાબુ વિચારે છે. તમે બધાં શ્રદ્ધા ભક્તિથી સ્વર્ગારોહણની પડખે હશો તો પ્રભુ પણ તમારા દ્વારા કામ કરાવશે. સૌને ખૂબ ખૂબ ધન્યવાદ.”

સાધકોને પ્રગટ પરમશક્તિના પ્રત્યક્ષ ધન્યવાદ મળી ગયા એ આનંદ વ્યક્ત કરતાં કરતાં સૌ હરખાતાં હતાં. બપોરના ત્રણ ક્યારે વાગી ગયા તેની ખબર ના પડી. આજે શ્રી જ્યોતિબહેન ગજેન્દ્રભાઇ તરફથી મિષ્ટભોજન મળ્યું.

સ્વર્ગારોહણના સંવર્ધન ને સર્જન માટે પૂ.શ્રીમા નાનકડો સંકલ્પ કરે કે વિચાર કરે ત્યાં પાર પડી જાય છે એ સૌએ પ્રત્યક્ષ રીતે માણ્યું, જાણ્યું ને અનુભવ્યું.

ભારત વર્ષના મંદિરો, સંસ્થાઓ લોકસેવા ને લોક કલ્યાણના કેન્દ્રો બની જાય એવી ભાવના પૂ.શ્રીએ એક પ્રશ્નોત્તરીમાં વ્યક્ત કરેલી. એ ભાવના મુજબનું ફળ આજે સ્વર્ગારોહણમાં મળતું થઇ ગયું છે એમ સૌએ અનુભવ્યું. નર્મદાના નીર ડેમ બંધાયા પછી કેનાલમાં ખેડૂતના ખેતરે પહોંચે ને સૌને આનંદ થાય તેમ

અમેરિકામાં સમૃદ્ધિ પામેલા, પૂ.શ્રીમાના પ્રેમરસે રંગાયેલા ભક્તો બાળકો, ભારતના સેવાભાવી સાધકો—બાળકો સત્કર્મોના યજ્ઞોમાં જોડાઇને સુપાત્રોને વસ્તુઓ આપે ત્યારે સાચે જ તેનો આનંદ અવર્ણનીય હોય છે. પૂ.શ્રીમાની ઉપસ્થિતિ, સંનિધિ છે તો બધા સાત્વિક સંકલ્પો સાકારરૂપ ધારણ કરી લે છે. ભક્તો એ સંનિધિને ભૂલતાં નથી. જીવનનું ભાથું માનીને ચિત્તરૂપી તીજોરીમાં સંગ્રહ કરી લે છે. 'શબ્દ સંનિધિ'માં લખાયેલ પૂ.શ્રીમાનું વાક્ય ''સ્વર્ગારોહણ તીર્થ ધામ છે પર્યટન સ્થળ નથી.'' ચરિતાર્થ થાય છે. સહજરીતે જ્ઞાન ને સહજરીતે સત્કર્મમાં જોડીને પરમની સંનિધિ કરાવનારાં પૂ.શ્રીમાનાં ચરણોમાં પ્રણામ.

(ક્રમશઃ)

પરમ સત્યની પ્રાપ્તિ માટે માણસે બીનજરૂરી સંગ્રહની ઇચ્છામાંથી મુક્ત થઇ જવું જોઇએ.

વસ્તુઓ સંઘરવાથી ઇચ્છા સતત વધતી જ જાય છે. અને અંતે તેમાંથી દુઃખના વમળ સર્જાય છે.



### સુવર્ણચંદ્રકોનું વિતરણ—મહાત્મા યોગેશ્વરજી અને મા શ્રી સર્વેશ્વરીના નામે

# પારિતોષિકો

ડૉ. બી. જે. જાગાણી

તા. ૧૫—૮—૨૦૧૦ના રોજ ભાવનગર યુનિવર્સિટીના કોર્ટ હોલમાં સ્વાતંત્ર્ય પર્વના દિવસની ઉજવણી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી. પૂ.શ્રી અને પૂ.શ્રીમાના નામે તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ દર વર્ષે મળી રહે તે માટે અપાયેલા દાનમાંથી દર વર્ષની જેમ આ વર્ષે પણ માર્ચ—૨૦૦૯ ની પરીક્ષામાં પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ ને પ્રાઇઝ શ્રી નારાયણભાઇ જાનીના હસ્તે અને કુલપતિશ્રી પ્રો. બી. એલ. શર્મા તથા રજિસ્ટ્રાર શ્રી કે. એલ. ભટ્ટની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યા.

| વિદ્યાર્થીનું નામ | અભ્યાસની વિગત | ગોલ્ડ મેડલનું નામ |
|---|---|---|
| પટેલ મયંક જે. | બી.ઇ.(પ્રોડકશન) | મહાત્મા યોગેશ્વરજી ગોલ્ડ મેડલ |
| માંગુકિયા પ્રદીપકુમાર પી. | એમ.એસ.સી (આઇ.સી) | મા સર્વેશ્વરી ગોલ્ડ મેડલ |
| પરમાર શક્તિસિંહ આર. | એમ.એ.(ગુજરાતી) | મહાત્મા યોગેશ્વરજી ગોલ્ડ મેડલ |
| વાઘેલા પરેશકુમાર એન. | બી.એ.(ફિલોસોફી) | મહાત્મા યોગેશ્વરજી પારિતોષિક |

# કોણ ધાર્મિક?

**રાકેશભાઈ ઝવેરી**

એ શહેરમાં હું જેમને ત્યાં રહેતો હતો, તેઓ ખૂબ શુભ ક્રિયાઓ કરતા હતા – સવાર–સાંજ સામાયિક, પ્રતિક્રમણ, આરતી, પૂજા, વ્રત, તપ વગેરે. તેઓને જ્યારે ખબર પડી કે હું આ ભાઈને ત્યાં જાઉં છું તો એમની ખૂબ નિંદા કરવા લાગ્યા. મેં કહ્યું કે એ દારૂ પીએ છે તો નરકે જશે પણ તમે આટલો બધો રસ કેમ લો છો? એની બુરાઈ કરવામાં તમને શું આનંદ મળે છે? શું ધાર્મિકતા પોષાય છે? એ જે કરશે તે એ ભોગવશે.... આટલું કહેવા છતાં પણ તેઓ નિંદા છોડતા ન હતા, ઊલટું મને ત્યાં જવાની ના પાડતા હતા.

આ પ્રસંગ બન્યા પછી હું બીજા દિવસે ત્યાં ગયો ત્યારે મેં જાણી જોઈને આ વાત છેડી અને કહ્યું કે તેઓ તમારી ઘણી નિંદા કરે છે; પણ એમણે તો આ વાતમાં બિલકુલ રસ લીધો નહીં, ઊલટી એ વાતને ટાળી દીધી. અને હું જેટલી વાર આ વાત છેડતો તેટલી વાર એ ટાળી દેતા.

મને આશ્ચર્ય થયું કે જે ધાર્મિક કહેવાય છે તે નિંદા કરતાં અટકતો નથી અને જે ધાર્મિક ક્રિયાઓ નથી કરતો તે નિંદામાં બિલકુલ રસ લેતો નથી. અને તેનું કારણ એ છે કે તે પોતામાં સંતુષ્ટ છે. જે સંતુષ્ટ હોય છે તેને અન્યમાં રસ પડતો નથી. પેલા ભાઈને મારા જવાથી, મારી સાથે વાતચીત કરવાથી ઘણું સુખ



મળતું હતું અને સુખ મળતું હતું તેથી તેઓ સંતુષ્ટ હતા અને સંતુષ્ટ હતા તેથી તેઓને નિંદામાં રસ ન હતો. પેલા કહેવાતા ધાર્મિકને ત્યાં હું રહેતો હતો, તેઓ અનેકવિધ ધર્મપ્રવૃત્તિઓ પણ કરતા હતા છતાં ધર્મ તેમના અંતરમાં સ્થિર થયો ન હતો તેથી તેઓ સુખ અનુભવતા ન હતા, સંતુષ્ટ ન હતા અને તેથી અન્યની નિંદામાં રસ લેતા હતા.

હું તમને બધાને પૂછું છું – આ બેમાં ધાર્મિક કોણ? જે બીજાના દોષો જુએ છે તે કે જેને બીજાના દોષોમાં રસ નથી તે? આ બેમાં અધાર્મિક કોણ? જે અસંતુષ્ટ હોવાથી અન્યની નિંદામાં રસ લે તે કે જે અન્યના દોષ નથી જોતો તે? શું નિંદા એ પણ દારૂ જેવું એક વ્યસન નથી? જો વિચાર કરીએ તો સમજાય કે એ દારૂ કરતાં પણ વધુ નુકસાન કરે છે. તો તથાકથિત ધાર્મિકોને એ કેમ દેખાતું નથી? તેમને સ્થૂળ વ્યસનો દેખાય છે પણ સૂક્ષ્મ વ્યસનો કેમ દેખાતાં નથી? જો દારૂ પીનારને અધાર્મિક કહીએ તો નિંદા કરનારને તો મહા અધાર્મિક કહેવો પડે.

સંતો કહે છે કે સુખી થવું હોય તો જીવનમાં ત્રણ ફેક્ટરી નાંખી દો–

(૧) મગજમાં ice factory (બરફનું કારખાનું),

(૨) જીભ પર sugar factory (ખાંડનું કારખાનું) અને

(૩) હૃદયમાં love factory (પ્રેમનું કારખાનું);
ત્યારે થશે જીવન satisfactory (સંતોષપ્રદ)....

# સ્વામી રામના અનુભવો

**અનુવાદક : કુન્દનિકા કાપડીયા**

(સ્વામી રામના જીવનના પ્રસંગોનું આલેખન–એમના શિષ્ય–સ્વામી આનંદે અંગ્રેજીમાં કર્યું છે. પુસ્તકનું નામ છે "Himalayan Masters" તેનો સરસ અનુવાદ શ્રી કુંદનિકાબહેન કાપડીઆએ કર્યો છે. પુસ્તકનું નામ છે "હિમાલયના સિદ્ધયોગીઓ".

અહીં રજૂ કરેલા બે પ્રસંગો સ્વામી રામના જીવનના છે, જે માનવને શીખવે છે કે જીવનમાં આંખ સામે પ્રલોભનો આવે ત્યારે વૈરાગ્ય કે ત્યાગ વિના તેનાથી બચી શકાતું નથી. તો સંન્યાસી થવામાં અહંને કેવું ઓગાળવું પડે છે, ને કદીક લોકોનો કેવો અનાદર સહન કરવો પડે છે, તે દર્શાવ્યું છે. તપના પરિણામે પ્રાપ્ત થતી સિદ્ધિ પણ માણસને બાંધે. તે વાત વાંચકને આ લખાણ વાંચવાથી સારી રીતે સમજાશે.)

**–તંત્રી**

## રત્નો કે આગ?

મારા ગુરુએ કદી એવો આગ્રહ નહોતો રાખ્યો કે હું દુનિયાનો ત્યાગ કરીને સંન્યાસી બનું. તેઓ તો એટલું જ ઇચ્છતા કે તે બધું હું અનુભવ કરીને મારી જાતે જ નક્કી કરું. તે હંમેશાં કહેતાઃ 'તારે મારી પાસેથી જે શીખવું હોય તે શીખ, પણ તારો વિકાસ સ્વતંત્રપણે કર. તને મારી મદદની જ્યારે પણ જરૂર હોય ત્યારે આવજે. હું અહીં જ છું.' હું એમને પ્રશ્ન પૂછું તો તે કહેતાઃ 'તું થાકી ગયો છે? તું જાતે તેનો જવાબ શોધી શકે તેમ નથી? તારે પ્રશ્નો લઇને વારંવાર મારી પાસે શા માટે



આવવું જોઇએ? હું તને પ્રશ્નો કેમ ઉકેલવા તેની રીત શીખવીશ, પણ તને સીધા જવાબ નહીં આપું.'

દુન્યવી વસ્તુઓ વડે મને લલચાવવાના તેમણે ઘણા પ્રયત્નો કરેલા. તેમણે કહ્યુંઃ 'દુનિયામાં જા, મોટો સરકારી અધિકારી બન. તને મારે માટે આસક્તિ હોય અને મારી જ સાથે રહેવા માગતો હોય તો એ કાંઇ સારી વાત નથી. તું દુનિયામાં જઇને ત્યાં ગોઠવાઇ જા એમ હું ઇચ્છું છું. હું તને ઘણું ધન આપીશ.'

મેં કહ્યુંઃ 'મારે એ બધું જોઇતું નથી.'

તેમણે પૂછ્યુંઃ 'તને ખાતરી છે?' અને પછી તેમણે એવું કંઇક કર્યું, જે તમે માની જ ન શકો. તે મને પહાડોમાં લઇ ગયા અને કહ્યુંઃ 'તને રત્ન–ઝવેરાત ગમે છે, ખરું ને?' અને એ સાચી વાત હતી. તે મારી ગુપ્ત ઇચ્છા જાણતા હતા. આથી તેમણે કહ્યુંઃ 'આ જો, અહીં.' હું બહુ નવાઇ પામ્યો. મારી સામે રત્નોનો એક મોટો ઢગલો પડેલો હતો. મારાથી માની શકાયું નહીં. મેં આંખો ચોળી. મારે જાણવું હતું કે એ ભ્રમણા છે કે હકીકત. તેમણે કહ્યુંઃ 'આ ભ્રમણા નથી, લઇ લે. હું તને ખાતરી આપું છું કે એ સાચાં રત્નો છે. લઇ લે. એ તારે માટે છે. તું ભારતનો સૌથી શ્રીમંત માણસ બનીશ. અને હવે વત્સ, મને જવા દે. હું દૂર દૂરના પહાડોમાં ચાલ્યો જવા માગું છું.'

મારી આંખમાંથી આંસુ વહેવા માંડ્યાં. મેં કહ્યું : 'તમે મને છોડી જાઓ છો? તમે મને, તમારે બદલે આ રત્નો સ્વીકારવાનું કહો છો? મારે એ નથી જોઇતાં. મારે તમારી સાથે રહેવું છે.'

તેમણે કહ્યુંઃ 'મારી સાથે તારે રહેવું હોય તો, જો ત્યાં તને ઊંચી જ્વાળાઓ દેખાય છે?' મેં જોયું તો બહુ આશ્ચર્ય પામ્યો. ત્યાં જ્વાળાની ઊંચી દીવાલો હતી. તેમણે કહ્યુંઃ 'એ

જ્વાળાઓમાંથી તું પસાર થઇ શકીશ તો મારી સાથે આવી શકીશ. તારે શાની પસંદગી કરવી છે? તું જ નક્કી કર. તને સંસાર માટે કેટલી ઇચ્છા છે? અને પ્રકાશ માટે કેટલી ઇચ્છા છે?'

મેં કહ્યુંઃ 'પ્રલોભનો કરતાં હું આગ પસંદ કરું છું. હું નવજન્મ પામવા માગું છું. બીજો કોઇ રસ્તો જ નથી.' અને આ રીતે મેં સંસારત્યાગનો માર્ગ ગ્રહણ કર્યો.

ત્યાગનો માર્ગ ખાંડાની ધાર જેવો છે. એ એટલો કઠિન છે કે એમાં ડગલે ને પગલે પડવાનો ભય રહે છે. એ માર્ગે સામે મળતા અવરોધોમાં સ્વાર્થી ઇચ્છા એ સૌથી પ્રબળ અવરોધ છે. જે લોકો નિર્ભય હોય અને દુનિયાનાં મોહ, આકર્ષણ, પ્રલોભનોથી મુક્ત હોય, તે જ આ માર્ગના યાત્રી બની શકે છે. જેણે પોતાની બધી ઇચ્છાઓ એક જ બિંદુમાં કેન્દ્રિત કરી છે અને એ રીતે જ્ઞાન માટેની એકમાત્ર ઇચ્છાને બળવતી બનાવી છે, તે જ આમાં સફળ થાય છે.

ત્યાગનો માર્ગ ભાગ્યે જ કોઇ પસંદ કરે છે. એ માર્ગ બધાને માટે નથી. પણ ત્યાગમાં જેઓ આનંદ માણે છે તેમના પર ઈશ્વરનો અનુગ્રહ થાય છે. કર્મનો માર્ગ જોકે એટલો જ સહાયરૂપ છે. માણસ જો દુનિયામાં રહીને પણ એનાથી અલિપ્ત કેમ રહેવું અને પોતાનાં કર્મ કુશળતાપૂર્વક, નિઃસ્વાર્થભાવે કેમ કરવાં તે જાણે, તો બંનેનું લક્ષ્ય તો એક જ છે.

## ૩૪. સંન્યાસીજીવનના પ્રથમ દિવસો

સંન્યાસી તરીકે દીક્ષા ગ્રહણ કર્યા પછીના પહેલા જ દિવસે મારા ગુરુએ કહ્યું : 'તને ખબર છે કે સંન્યાસી થવા માટે તારે ભિક્ષા માગવી પડે?'



મેં કહ્યુંઃ 'હં!'

તેમણે કહ્યુંઃ 'તારામાં રહેલો અહંકાર કહે છે કે તું બીજાઓથી સ્વતંત્રપણે હસ્તી ધરાવે છે. આ અહંકારને તારે શુદ્ધ કરવાનો છે. અને એ તું વિનમ્ર બન્યા વગર કરી શકીશ નહીં. હું તને એવાં ઘરોમાં ભિક્ષા માગવા મોકલીશ, જ્યાં લોકો ગરીબ છે. ત્યારે તને ખબર પડશે કે તું શું છે!'

મેં કહ્યુંઃ 'ભલે.'

પછી જે બન્યું તે હું કદી ભૂલી શકીશ નહીં. હું તંદુરસ્ત હતો અને રેશમી ઝભ્ભો પહેરતો હતો. હવે કહો, તમે આવું કલ્પી શકો ખરા? એક ભિખારી રેશમી વસ્ત્રો પહેરે? હું કશી ચિંતા વિના લહેરથી ચાલતો. યોગશાસ્ત્ર અનુસાર તો સીધા ઊભા રહેવું ને સીધા ચાલવું જોઇએ પણ તો લોકોને કદાચ એમ લાગે કે તમે વધારે પડતા અભિમાની છો. હું વહેલી સવારે ભિક્ષા માગવા ગયો અને એક સ્ત્રી ગાય દોહતી હતી ત્યાં જઇને ઊભો રહ્યો. તે ગીત ગાતી દોહતી હતી. તેના બે ઘૂંટણ વચ્ચે માટીની હાંડલી હતી.

મેં કહ્યુંઃ 'નારાયણ હરિ.' અને તે એટલી ચોંકી ગઇ કે સફાળી ઊછળી પડી. તેની હાંડલી નીચે પડીને ફૂટી ગઇ. મને થયુંઃ અરે ભગવાન!

તે તો એટલી ગુસ્સે થઇ કે બરાડા જ પાડવા લાગી. 'આવો તાજોતગડો માણસ ભીખ માગે છે! તું દેશ પર બોજારૂપ છે. તારી પોતાની પર પણ બોજારૂપ છે. આમ ભીખ માગતાં તને કોણે શીખવ્યું? રેશમી કપડાં પહેરવા માટે તારી પાસે પૈસા છે છતાં તું ભિક્ષા માગે છે?' મને ખૂબ શરમ લાગી. મેં વિનંતી કરીઃ 'મને અપશબ્દો ન કહો.'

તેણે કહ્યુંઃ 'આ મટકી જૂના વખતની મૂલ્યવાન વસ્તુ હતી. મારી સાસુએ મને એ આપેલી. પારકા પૈસે તાગડધિન્ના કરનાર, ચાલ હટ મારી નજર સામેથી.' તેને એ મટકી માટે એટલી આસક્તિ હતી! તે આમ ને આમ બોલ્યે જ ગઇ.

હું મારા ગુરુ પાસે ગયો. એમનો મને રોજ પૂછવાનો નિયમ હતો : 'ભોજન લીધું કે?' તે દિવસે પણ મેં અપેક્ષા રાખી કે હંમેશની જેમ એ પૂછશે, પણ તેમણે પૂછ્યું નહીં. આખો દિવસ હું શાંત રહ્યો અને તે પણ ચૂપ રહ્યા. જોકે તે સ્વભાવથી જ આખોયે વખત શાંત રહેતા. સાંજે મેં ફરિયાદ કરીઃ 'આજે તમે પૂછ્યું નહીં કે હું જમ્યો છું કે નહીં.'

તેમણે કહ્યુંઃ 'હવે તું સંન્યાસી થયો છે, એટલે મેં ન પૂછ્યું.'

મેં કહ્યુંઃ 'એટલે શું?'

તેમણે કહ્યુંઃ 'સંન્યાસી પોતાની જાતનો સ્વામી છે, પોતાની સઘળી ક્ષુધાઓનો સ્વામી છે.'

મેં કહ્યુંઃ 'એનો અર્થ એ કે તમે હવે મારી સંભાળ નહીં રાખો?'

તેમણે કહ્યુંઃ 'હવે તું પણ સંન્યાસી છે અને હું પણ સંન્યાસી છું. મારી ને તારી વચ્ચે શો ફરક છે? તું સંન્યાસી થવા ઇચ્છતો હતો. હવે તું તારી સંભાળ રાખજે. તારે મારો ટેકણલાકડી તરીકે શા માટે ઉપયોગ કરવો જોઇએ?'

હું બહુ ઉદાસ થઇ ગયો અને વિચારમાં ડૂબી ગયો.

મેં નક્કી કર્યું કે હવેથી મારે સ્વાધીન બનવું જોઇએ.

મેં કહ્યુંઃ 'હું વચન આપું છુ કે આજથી હું કોઇ દિવસ ભિક્ષા માંગવા નહીં જાઉં, ભલે ગમે તે થાય. ભગવાનની ઇચ્છા હશે કે હું જીવતો રહું, તો હું જીવીશ અને ધ્યાન કરીશ, પણ હું



ભિક્ષા તો નહીં જ માગું.'

તેમણે કહ્યુંઃ 'તું તારું વચન પાળવા માગતો હોય તો તારી મરજી. મારે એમાં કાંઇ કહેવાનું નથી. તું સંન્યાસી છે.'

હું આવી પ્રતિજ્ઞા લઇને ગંગાકાંઠે જઇને બેઠો. લોકો ત્યાં મને મળવા આવતા. દરેક જણ એમ માનતું કે કોઇ મારું ધ્યાન રાખતું હશે. ઘણા લોકો ફૂલો લાવતા અને મને પગે લાગતા, પણ કોઇ કાંઇ ખાવાનું લાવતું નહીં. તેર દિવસ સુધી કોઇએ મને પૂછ્યું નહીં કે મેં ખાધું છે કે નહીં. મને એટલી બધી અશક્તિ લાગવા માંડી કે ચાલવાનુંયે મુશ્કેલ થઇ પડ્યું. મને વિચાર આવ્યોઃ આવું સંન્યાસી બનવા જેવું મૂર્ખાઇભર્યું કામ મેં શું કરવા કર્યું?

તેર દિવસ પછી હું રડી પડ્યો. જગદંબા સાથે મેં વાતો કરવા માંડી. મેં કહ્યુંઃ 'આ માર્ગે સચ્ચાઇપૂર્વક ચાલવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. પણ મારે માટે રોટીનો એક ટુકડો પણ નથી.' અચાનક મેં પાણીમાંથી એક હાથ બહાર આવતો જોયો—'માત્ર એક હાથ.' અરે, એ હાથમાં ખાવાની ચીજોથી ભરેલું વાસણ હતું. હાથ મારી તરફ આવવા લાગ્યો. અને મેં એક સ્ત્રીનો અવાજ સાંભળ્યો : 'લઇ લે, આ તારા માટે છે.' મેં એ પાત્ર લઇ લીધું અને ખાવા માંડ્યું. ગમે તેટલું ખાવા છતાં પાત્રમાંનું ખાવાનું ખૂટતું જ નહોતું.

ત્રણ વરસ સુધી મેં એ પાત્ર રાખ્યું. હું એમાંથી ઘણા લોકોને ખાવાનું આપતો છતાં એમાંના પદાર્થો કદી ખૂટતા નહીં. એમાં મીઠાઇ મૂકીએ તો તે ભરાતું નહીં. મને મળવા આવતા હજારો લોકોએ આ નિહાળ્યું હતું. તેઓ એમાં ગમે તેટલું દૂધ રેડે, પાત્ર કદી છલકાઇ જતું નહીં. હું એ પાત્રનો ગુલામ બની ગયો. લોકો

મારી પાસેથી કાંઇ શીખતા નહોતા. તેઓ તો આ ચમત્કારિક પાત્ર જોવા આવતા. મારા ગુરુએ મને સલાહ આપી : ‘એને ગંગામાં ફેંકી દે.’ મેં એમની સલાહ પ્રમાણે કર્યું.

તમે માર્ગ પર ચાલતા હો, ત્યારે ભગવાન ઘણી વાર સામે પ્રલોભન મૂકે છે. પણ તમે બધાં પ્રલોભનોને નકારી કાઢો ત્યારે જ મુકામે પહોંચી શકો. એક નાનું બાળક રડતું હોય ત્યારે મા શું કરે છે? પહેલાં તો તે બાળકને પિપરમીટ આપે છે. છતાં પણ બાળક રડતું રહે તો બીજી થોડી વસ્તુઓથી એને મનાવવા પ્રયત્ન કરે છે—ઢીંગલીથી કે બિસ્કિટથી. તોપણ બાળક રડતું અટકે નહીં ત્યારે મા એને ગોદમાં ઊંચકી લે છે. પણ મા એને ખોળામાં ઊંચકી લે તે પહેલાં તે એને બીજાં આકર્ષણથી પટાવી જુએ છે. આત્મસાક્ષાત્કારના માર્ગ પર આવું જ બને છે.

સાધુ માટે ભિક્ષા માગવી જરૂરી છે, પણ બીજાને મન તે માનહાનિ છે. મને પ્રતીતિ થઇ કે જેઓ સંપૂર્ણપણે ભગવાનની કૃપા પર જ આધાર રાખે છે તેમને ખાવા માટે જરૂરી અન્ન અને રહેવા માટે આશરો મળી રહે છે. પૂર્ણ શ્રદ્ધામાં ભોજન અને આશ્રય માટે ચિંતા કરવાપણું નથી હોતું. હું મારા જીવનના છેલ્લા શ્વાસ સુધી માનીશ કે ભગવાન જ મારી એક સંપત્તિ છે અને ભગવાન સિવાય બીજી કોઇ પણ વસ્તુનો આશ્રય લેવા જતાં મારા જીવનમાં મોટી વિપત્તિ આવી પડશે. ભગવાનને હું હંમેશા મારી આગળ ચાલતા નિહાળું છું. મને જોઇતી બધી વસ્તુઓ તે મને આપે છે.



# Vimalaji’s open letter to all friends around the globe

**–Vimala Thakar**

**‘May your life be a festival of friendship.’**

**Mount Abu**

**14–1–1992**

Dear Friends,

I feel that the purpose for which Vimala was born is fulfilled. She does not intend to play any role any more. She would be responding, however, to the spiritual need of all those who come over to mount Abu and Mount Dalhousie any month and any day of the year. Responding to fellow beings is human being who enjoys the amenities and facilities made available to him or her by the society. It is to very indecent to be self–centered and cater to the interest of the Ego exclusively. As living is being related, this movement of alert and affectionate resposes towards the fellow beings, has a great joy and beauty; joy free of tension; and beauty free of

artificiality.

Now you will see why Vimala is exceptionally joyous since winding up the travelling and speaking phase of her life in 1991. As an eagle soars high in the skies and tremendous elegance and grandeur, Vimala is living on the earth without belonging to it and you relate to the people without getting psychologically involved in them, living gets converted into a Festival of Friendship. May your life be such a Festival.

હતાશની પળો આવે ત્યારે યાદ રાખવું 'સત્યપથ' તો છે જ . કાયમી 'સ્વર્ગારોહણ' તો છે જ. —મા

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# મેં શ્રીરામકૃષ્ણને જોયા છે

**રામેન્દ્રસુંદર ભટ્ટાચાર્ય**

હું જ્યારે આઠ વર્ષનો હતો ત્યારે મારા પિતાની સાથે રાણી રાસમણિની દક્ષિણેશ્વરમાં કાલીવાડીના મંદિરમાં ગયો હતો. મને યાદ છે ત્યાં સુધી એ ગ્રીષ્મકાળની સવાર હતી. અમારું ઘર મેદિનીપુર જિલ્લાના બગડી કૃષ્ણનગર મૌજાના ખુનબેરિયા ગામમાં હતું. અહીંથી કામારપુકુરનું અંતર આશરે ૨૦ માઈલ હતું. મારા પિતાજી શ્રીઠાકુરના સમવયસ્ક હતા. નાની ઉંમરથી જ એકબીજાને ઓળખતા હતા. એ બંને વચ્ચે સવિશેષ મૈત્રીસંબંધ હતો. પિતાજી વર્ષમાં બે ત્રણવાર કોલકાતામાં રહેવા આવતા. પોતાના ગામથી આવીને પોતાના ગામે જતાં પહેલાં દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણને એકવાર તો અવશ્ય મળતા જ. ગામમાં જતાં પહેલાં કામારપુકુરમાં કંઈ સમાચાર કહેવાના હોય તો તે જાણવા શ્રીઠાકુર પાસે જતા અને ઠાકુરને કેમ છે એ સમાચાર પણ તેઓ કામારપુકુરમાં લઈ જતા. ગામથી કોલકતા આવતા ત્યારે શ્રીઠાકુરને મળીને કામારપુકુરના સમાચાર કહેતા. એકવખત મારા પિતાજી પોતાને ગામ જવાના હતા એ પહેલાં એમણે મને કહ્યું: 'ચાલ, આજે હું તને એક જગ્યાએ લઈ જઉં છું. ત્યાં તું મા કાલીનું એક વિખ્યાત મંદિર પણ જોઈશ અને એક જીવતા–જાગતા ભગવાનને પણ જોઈશ.'

મંદિરમાં મા ભવતારિણીનાં દર્શન કર્યા પછી મારા પિતાજી મને શ્રીઠાકુરના ઓરડામાં લઈ ગયા.

એ વખતે શ્રીઠાકુર પોતાના ઓરડામાં ન હતા. એક યુવકે (ઠાકુરના કોઈ શિષ્ય કાં એમના ભત્રીજા રામલાલ પણ હોઈ

શકે) કહ્યું: 'શ્રીઠાકુર પંચવટી તરફ છે.' પિતાજી સાથે હું પંચવટી બાજુ ગયો. શ્રીઠાકુર પંચવટીની સામે ઊભા રહીને ગંગાદર્શન કરી રહ્યા હતા. એમની સાથે બે–એક યુવક ભક્તો પણ હતા. પિતાજીને જોઈને અત્યંત પ્રસન્ન થઈને ઠાકુરે પિતાજીના ખબરઅંતર પૂછ્યા. પિતાજીએ પણ એમ જ કર્યું. મેં જોયું કે પિતાજીએ એ ધૂળમાં શ્રીઠાકુરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા, એમની ચરણધૂલિ માથે ધરી અને મારા માથે પણ એ ચરણધૂલિ રાખી. મને કહ્યું: 'મેં તને કહ્યું હતું કે હું તને 'જીવતાજાગતા ભગવાન' બતાવીશ – આ એ જ છે, તારી સામે જ! એમનાં ચરણસ્પર્શ કરીને તું ધન્ય બની જા!' આમ કહીને એમણે પોતે જ મારું માથું શ્રીઠાકુરનાં ચરણોમાં નમાવ્યું. મેં પણ શ્રીઠાકુરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. શ્રીઠાકુરે એમના હસ્તકમલ મારા મસ્તક પર રાખીને કહ્યું: 'તું દીર્ઘજીવી બનીશ અને પંડિત પણ બનીશ.' શ્રીઠાકુરે મારા મસ્તક પર પોતાનો હાથ રાખ્યો અને મેં એમનાં ચરણમાં મારું મસ્તક નમાવ્યું એ વખતે જાણે કે હું મારામાં ન હતો એવું લાગ્યું. હું કોઈ અદ્‌ભુત ભાવાવેશમાં હતો. જ્યારે મને ઉદ્દેશીને એમણે આશીર્વચન ઉચ્ચાર્યા ત્યારે પણ હું સ્વાભાવિક અવસ્થામાં ન હતો. ક્ષણભર માટે મારું બાહ્ય જ્ઞાન ચાલ્યું ગયું હતું, આમ છતાં પણ એમની વાણી મારા કાનમાં પ્રવેશી ગઈ હતી. ત્યાર પછી પણ કેટલીયે વાર એમની એ વાણી મારા કાનમાં ગૂંજતી રહેતી.

એ દિવસે શ્રીઠાકુર સાથે એકાદબે વાત કરી અમે કોલકાતા પાછા આવ્યા. આ જ મારું–એમનું પ્રથમ અને અંતિમ દર્શન બની રહ્યું. જો કે મારી ઉંમર એ વખતે નાની હતી, મનમાં એ વાત ઠસાઈ જાય એવું પણ ન હતું, પરંતુ શ્રીઠાકુરનું મુખારવિંદ



આજે પણ જાણે કે મારા મનશ્ચક્ષુ સમક્ષ તરી આવે છે. લાંબી કાયા અને સુદૃઢ બાંધો, સૌમ્યકાંતિ, પ્રસન્ન હાસ્ય સાથેનું ઉજ્જવલ મુખારવિંદ. દેહનો વર્ણ વધુ ધવલ નથી, પણ દેહકાંતિ ઊજળી–ઘઉંવર્ણી દેખાતી. પિતાજીના મુખે સાંભળ્યું હતું કે યૌવનમાં શ્રીઠાકુરનો દેહવર્ણ અત્યંત ગૌર હતો. પિતાજીએ ઉમેરતાં કહ્યું: 'એમની દેહકાંતિ સુવર્ણ જેવી હતી. સાધનાકાળમાં ભયંકર કઠોર તપશ્ચર્યાને લીધે એમનો દેહ જીર્ણ બની ગયો અને એમની દેહક્રાંતિ ઉજ્જવલતા પણ ઓછી થઈ.'

શત શત જન્મમાં સત્કર્મોના અને પુણ્યના પ્રતાપે મેં એક દિવસ એક વખત એમને સાક્ષાત્ ભાવાવસ્થામાં જોયા હતા. આમ છતાં પણ હું એનાથી કૃતકૃત્ય બની ગયો. એ જ દર્શનના અઢીક વર્ષ પછી એક રાત્રે સ્વપ્નમાં મેં પહેલી વખત જોયેલ સ્વરૂપમાં મને શ્રીઠાકુરે દર્શન આપીને કહ્યું: 'અરે છોકરા! સારું છે ને! હું જાઉં છું.' આ સાંભળીને મને રોમાંચ થયો. પછીથી મને જાણવા મળ્યું કે એ જ રાતે તેઓ મહાસમાધિ પામ્યા હતા. ત્યાર પછી ઘણાં વર્ષો વીતી ગયાં. જ્યારે હું પચાસ વર્ષનો થયો ત્યારે એક રાતે સ્વપ્નમાં મને પહેલાં જોયેલા રૂપે દર્શન આપીને એમણે કહ્યું: 'કેમ છે પંડિત, સારું છે ને! ધ્યાન દઈને સાંભળ.' એમ કહીને એમણે એક સંસ્કૃત શ્લોક કહ્યો. એ શ્લોક આ છે: 'મલ્લીલાં વિલિખત્વં ભો દેવભાષા યુતાં સુધીઃ। ત્વામહં સંવદિષ્યામિ માભૈષીઃ પંડિતોભવાન્॥' આ શ્લોકની એમની સાથે ત્રણ વખત પુનરાવૃત્તિ કરવા મને કહ્યું. આ શ્લોક મને મોઢે રહી ગયો. ઊંઘ ઉડ્યા પછી આ શ્લોક મેં એક કાગળમાં લખી લીધો. ત્યાર પછી શ્રીઠાકુરે મને કહ્યું હતું: 'અરે, પંડિત, તું સંસ્કૃતમાં મારી જીવનકથા લખ.' મેં કહ્યું: 'પણ, હું તો આપ

વિશે કંઇ જાણતો નથી, બાલ્યાકાળમાં મેં આપને એક જ વાર જોયા છે. ત્યાર પછી આટઆટલાં વરસ સુધી મેં આપની લીલા વિશે કંઇ વિચાર્યુંયે નથી. હું કેવી રીતે આપની કથા લખી શકું?' પ્રત્યુત્તર આપતાં એમણે કહ્યુંઃ 'તું ડર નહીં, ચિંતાનું કોઇ કારણ નથી. કામારપુકુર, દક્ષિણેશ્વરમાં મને જાણનારા જૂના લોકો પાસેથી તને મારા વિશે ઘણું ઘણું જાણવા મળશે. બેલુર મઠમાં મારા સંન્યાસી શિષ્યો—માનસપુત્રો પાસેથી પણ ઘણી ઘણી વાતો જાણવા મળશે. હું પણ ક્યારેક ક્યારેક આવી રીતે કોઇ તથ્ય કે ઘટના પ્રસંગ વિશે તારા સંદેહને દૂર કરી દઇશ.' પરંતુ ત્યાર પછી મારા ગૃહસંસાર અને મારા અધ્યયન કાર્યમાં હું વ્યસ્ત બની ગયો હતો. એટલે શ્રીઠાકુરના એ વખતે જીવતા માનસપુત્રો સાથે મારે મળવાનું કે એમની સાથે વાત કરવાનું ન બન્યું. આમ છતાં પણ કામારપુકુર અને દક્ષિણેશ્વરના એ જમાનાના જૂના લોકો પાસેથી મેં થોડાઘણા તથ્યાંશો સંગ્રહી લીધા હતા.

વિદેશથી પાછા ફર્યા પછી સ્વામીજીને મેં જોયા હતા. સ્વામીજીના એક શિક્ષક (સ્કોટિશચર્ચ કૉલેજના અધ્યાપક) મને બહુ ચાહતા હતા. તેઓ હતા બંગાળી પણ ધર્મે ખ્રિસ્તી. તેઓ સ્વામીજીને ખૂબ ચાહતા હતા. સ્વામીજી વિશે એમના મનમાં ઘણી ઉચ્ચ ધારણા હતી. પરંતુ એમણે જ્યારે સાંભળ્યું કે એમની કૉલેજના મહાન પ્રતિભાવાન વિદ્યાર્થીએ એક મૂર્તિપૂજા કરનાર બ્રાહ્મણનું શિષ્યત્વ સ્વીકારીને સંન્યાસ લીધો છે ત્યારે તેઓ ઘણા હતાશ થયા. ત્યાર પછી સ્વામીજી એમને મળવા એમના ઘરે ગયા હતા. તેઓ નજીકમાં જ રહેતા હતા. સ્વામીજી ત્યારે પણ નરેન્દ્રનાથ હતા, વિશ્વ વિખ્યાત વિવેકાનંદ બન્યા ન હતા; સંન્યાસ લીધો હતો. એ અધ્યાપકે સ્વામીજીને કહ્યુંઃ 'ભાઇ



નરેન, તેં આ શું કર્યું? અંતે એક પાગલ જેવા અને સામાન્ય પૂજારી પાસે માથું મુંડાવી નાખ્યું! વળી મેં એમ પણ સાંભળ્યું છે કે તમારે મન એ માત્ર પૂજારી નહીં પણ ભગવાન છે, જગતને તારનાર માણસ રૂપે આવ્યા છે? આવા ગંજેડીયાની વાતમાં તું પણ ફસાઇ ગયો?' સ્વામીજીએ શાંત સ્વરે કહ્યુંઃ 'સાહેબજી, તમે બરાબર સાંભળ્યું છે. હું તેઓ સ્વયં ઈશ્વર છે એમ માનું છું. મને એ પણ પાકી શ્રદ્ધા છે કે જગતનો ઉદ્ધાર કરવા માટે એમણે માનવદેહ ધારણ કર્યો છે. તમારી જેમ હું પણ પહેલાં એમને ગપોડિયા અને વાતોડિયા ગણતો હતો. મેં પણ આ જ વાત એમને સીધે સીધી કેટલીયેવાર કહી હતી. તેઓ તો બાળસહજ સ્વભાવના હતા, મારી વાત સાંભળીને તેઓ એક બાળકની જેમ સહજભાવે હસતા હતા અને કહેતા—'મેં શું તને મારા પર શ્રદ્ધા રાખવા કહ્યું છે?' પણ મારે તો સાહેબજી, છેવટે એમના પર શ્રદ્ધા રાખવી જ પડી. મને એમણે પોતે એક દિવસ બતાવી દીધું કે સ્વયં ઈશ્વર એમના દેહમાં રામકૃષ્ણ રૂપે આવિર્ભૂત થયા છે. જે રામ, જે કૃષ્ણ, તે જ રામકૃષ્ણ બનીને આ વખતે અવતર્યા છે. એક વાર રામરૂપ, એકવાર કૃષ્ણ રૂપ, એમ અલગ અલગ કરીને એમણે મને એ બધાં રૂપ બતાવ્યાં હતાં. ત્યાર પછી એ બંને રૂપ રામકૃષ્ણના દેહમાં મળી ગયાં, એવું પણ મને બતાવ્યું હતું. આ દર્શન કોઇ ભ્રમણા નથી, મારી સગી આંખે જોયું છે. માત્ર આ જ રીતે નહીં પણ અનેક પ્રકારે મેં એમને જોયા—જાણ્યા અને અનુભવ્યું કે તેઓ પોતે જ ઈશ્વર છે.' સ્વામીજીના એ પ્રાધ્યાપકના મુખે મેં આ વાત સાંભળી હતી. એમણે કહ્યું હતુંઃ 'નરેનને હું બરાબર ઓળખતો હતો. હું એ પણ જાણતો હતો કે કોઇ જાદુઇ ચમત્કારમાં આવી જાય એવી

એ વ્યક્તિ ન હતી. એ દિવસે હું બરાબર જાણી ગયો કે અંધશ્રદ્ધાથી રામકૃષ્ણને નરેન્દ્રે ભગવાન માનીને એમનામાં શ્રદ્ધા રાખી ન હતી. એમની ત્યાર પછીની જીવન ઘટનામાં એ દેખાયું કે શ્રીરામકૃષ્ણ સાધારણ માનવી ન હતા.'

૧૯૭૬ની ૧૪ ઓગસ્ટે લગભગ ૧૦૦ વર્ષની ઉંમરે અવસાન પામેલ પંડિત રામેન્દ્રસુંદર ભટ્ટાચાર્ય ભક્તિતીર્થની આ સ્મૃતિકથા એમના મુખેથી સાંભળીને તેનું આલેખન કાર્ય ૧૨ જુલાઈ, ૧૯૭૪ના રોજ બ્રહ્મચારી શંકરે (હાલના સ્વામી પૂર્ણાત્માનંદે) કર્યું હતું. ૫૬/૪, ગ્રેસ્ટ્રીટ (અરવિંદ સરણી), કોલકાતા–૬માં તેઓ રહેતા હતા. એ વખતે રામેન્દ્રસુંદરની ઉંમર ૯૮ વર્ષની હતી. એમનો જન્મ ૧૮૭૬ની ઓક્ટોબરમાં થયો હતો. બાલ્યકાળમાં એમણે શ્રીરામકૃષ્ણને દક્ષિણેશ્વરમાં એકવાર જોયા હતા અને એમના આશીર્વાદ પણ મેળવ્યા હતા. ૮૪ વર્ષની ઉંમરે એમણે ૫૦૦૦થી વધુ શ્લોકવાળી સંસ્કૃત ભાષામાં કાવ્યદેહવાળી શ્રીરામકૃષ્ણની જીવનકથા લખી હતી.

(ક્રમશઃ)

મા સાથે સખ્યસંબંધ જ રાખો. એને ગુરુનો કાંટાળો તાજ ન પહેરાવો.

કીડી બનો તો કણ મળે સાકરનો. હાથી બનો તો અંકુશ મળે. —મા



# બાપુ: મારી મા

મનુબહેન ગાંધી

નોઆખલીમાં બાપુજી મને ગીતા શીખવવા માટે તેમનાં એટલાં બધાં કામોમાં પણ દસ મિનિટ તો ઓછામાં ઓછી રોજ આપતા.

આગાખાન મહેલમાં અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, ભૂગોળ, ઇતિહાસ, વિજ્ઞાન, સંસ્કૃત વગેરે તો બાપુજી પાસે શીખવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું હતું, પણ અંગ્રેજી મને કદીય ન શીખવ્યું. અમારી સાથે રહેનારાં સાથીઓએ બીજા વિષયો શીખવવાનો ભાર લઈ લીધો, પણ 'મનુને ગીતા તો મારે જ શીખવવી છે' એમ કહી ગીતાના ગુરુ તો બાપુ એક જ રહ્યા.

આગાખાન મહેલમાં ફક્ત ગીતાના શબ્દોનાં ઉચ્ચારણ જ થઈ શક્યાં. પણ નોઆખલીમાં તો પહેલો દહાડો તો એમ ને એમ જવા દીધો. બીજે દહાડે બાપુ કહે 'હવે તો તને મારી પાસે આવ્યાને ચોવીસ કલાક થઈ ગયા એટલે તારો ગીતાનો અભ્યાસ ક્યાં સુધી પહોંચ્યો છે? અહીં તારે ફક્ત મારું કામ કરવાનું છે.'

મેં કહ્યું, 'જેલમાંથી છૂટ્યા પછી મારો ગીતાનો અભ્યાસ મેં આગળ વધાર્યો નથી. આ સાંભળીને બાપુને દુઃખ થયું અને કહે કે હવે આપણે આજથી જ ગીતા શરૂ કરી દઈએ. આજથી રોજ ગીતાના પાંચ શ્લોક તારે લખવાના.' એ શ્લોક બાપુ જોતા અને સુધારાઓ કરી સહી કરતા.

ત્રીજો અધ્યાય યજ્ઞનો છે. ગીતા અભ્યાસ એ પણ યજ્ઞ છે. પણ યજ્ઞ અંગે બાપુએ મને કહ્યું, **'યજ્ઞમાં ભગવાન કહે છે કે યજ્ઞ કર્યા વિના જે માણસ ભોજન કરે છે, તે ચોરીનું ખાય છે.** ચોરીનું અન્ન ખાવું તે તો કાચો પારો છે. તે હજમ ના થાય. તે

ખાય તો ફૂટી નીકળે. તે જ રીતે ચોરીનું અન્ન ખાય તો હજમ ન જ થાય. જેનું હૈયું ઠેકાણે છે તેને માટે યજ્ઞ સહેલી વસ્તુ છે. **આવા યજ્ઞ માટે ધન, બુદ્ધિ કે ભણતરની પણ જરૂર નથી.'**

**યજ્ઞ એટલે હરકોઈ પરોપકારી કામ.** જેનું આખું જીવન યજ્ઞમય હોય તે ચોરીનું ખાતો નથી. એ રીતે વિચારીએ તો આપણે બધાં થોડીઘણી તો ચોરી કરીએ જ છીએ. જ્યારે સ્વાર્થમાત્રનો ત્યાગ કરીએ ત્યારે જ પૂરો યજ્ઞ કર્યો કહેવાય.

**સ્વાર્થનો ત્યાગ કરવો એટલે હુંપણું–મારાપણું છોડવું.** આ મારો ભાઈ ને પેલો પારકો એવો ભાવ મનમાં રહેવો જ ન જોઈએ. આમ તો તે જ કરી શકે જે પોતાનું બધું કૃષ્ણાર્પણ કરી શકે છે, જે સેવા કરે છે તે બધું ઈશ્વરને દરમિયાન રાખીને તેના સેવક તરીકે જ કરે છે ને સેવાભાવથી કરે છે. આવા મનુષ્ય નિત્ય સુખી રહે છે અને નિત્ય શાંત રહે છે. તેને સારું સુખદુઃખ સરખા છે. પોતાનું શરીર, મન, બુદ્ધિ વગેરે જે કાંઇ હોય તે પરમાર્થને સારું જ વાપરે છે.

હું તને ગીતાનો અર્થ આ રીતે સમજાવવા માગું છું, નહિ કે ફક્ત વ્યાકરણની દૃષ્ટિએ. આ તો મેં એક દાખલો આપ્યો...

કરાંચીથી મને બાપુએ પોતાની પાસે બોલાવી લીધી એટલે મારું ભણતર અધૂરું રહેલું. મારે તો પરીક્ષાઓ આપવી હતી અને ડિગ્રીઓ મેળવવાનો મોહ પણ હતો. હું બાપુને ઘણી વાર કહેતી કે તમોએ મને ભણવા ન દીધી. ડિગ્રીને બાપુ 'ઉપાધિ' કહેતા એટલે મને ઉપાધિમાંથી બચાવી અને પોતે બૅરિસ્ટર બન્યા એનો પશ્ચાત્તાપ હોવાથી સાથે પોતે બૅરિસ્ટર છે એવો ખ્યાલ પણ પોતાને નથી આવતો.

આજની યુનિવર્સિટીમાં જે ગોખણપટ્ટી થઇ રહી છે અને વિદ્યાર્થીઓ પોતાના લોહીનું પાણી કરે છે, એ જ બાપુને ખૂંચતું



હતું. વાચનનો હેતુ જ્ઞાન હોય અને જ્ઞાનમાટે વાંચન હોય તો વાત જુદી છે. એના બદલે કોઇ રચનાત્મક કામ હોય તો દેશનો વાન બદલાઈ જાય એમ બાપુનું માનવું હતું. વળી, નોકરી એટલે દળી દળીને ઢાંકણીમાં વાળવા જેવું થાય છે.

નોઆખલી ને બિહારના યજ્ઞમાં બાપુજીને ઝંપલાવવાનું થયું. તે પછી પહેલવહેલું લૉર્ડ માઉન્ટ બૅટનને મળવા જવાનું થયું. વાઈસરૉયે તો બાપુને વિમાનમાં મળવા બોલાવેલા, પણ જે વાહનમાં કરોડો ગરીબો મુસાફરી ન કરી શકે તેમાં પોતાનાથી કેમ બેસાય એમ કહીને ટ્રેનમાં જ પોતે આવશે એમ જણાવી દીધેલું.

ગરમી અસહ્ય હતી. ચોવીસ કલાકનો રસ્તો હતો. વળી, સ્ટેશને સ્ટેશને બાપુનાં દર્શન કરવા હજારોની મેદની જામતી. સામાન તો બાપુના કહેવા પ્રમાણે ઓછો લીધો હતો. છતાં તેઓને ઓછી તકલીફ પડે એ ભાવનાથી મેં બે ખાનાવાળોડબ્બો પસંદ કર્યો. એકમાં સામાન રાખી રસોઇ વગેરેનું કામ થઈ શકે. બીજા ખાનામાં બાપુને આરામ રહે.

ગરમીનાદિવસોમાં બાપુ દસ વાગ્યે જમી લેતા. પટણાથી દિલ્હી જતી ટ્રેન સવારે ૯–૩૦ વાગ્યે ઊપડી. **બાપુ તો એક એક મિનિટનો ઉપયોગ કરનારા** એટલે એ તો લખવામાં રોકાયા હતા. થોડીક વાર પછી હું એમના ખાનામાં આવી એટલે ડબ્બાની બહાર લટકતા લોકો તરફ મારું ધ્યાન દોર્યું. પોતાને ઍરોપ્લેન કે સ્પેશિયલ ટ્રેન મળી શકત એમ જણાવી મેં જે બીજા ખાનાની સવલત મેળવી હતી તે બીજા સ્ટેશન, સ્ટેશન માસ્તરને બોલાવી ખાલી કરાવી.

એ તો ઠીક પણ સ્ટેશન માસ્તરને કહે આ છોકરી મારી પૌત્રી છે. હજી કદાચ મને સમજી નહીં હોય. એથી જ બે ખાના

પસંદ કર્યાં. એમાં એની ભૂલ નથી. દોષ મારો જ છે. મારી કેળવણી એટલી અધૂર હશે!

ટ્રેનમાં જ લખવાનું, વાંચવાનું, માટી લગાડવાની, કાંતવાનું, મને ભણાવવાનું, મારે પ્રાઈમસ ઉપર દૂધ ગરમ કરવાનું—ઘરમાં કરતાં હોઈએ એમ બધું ટ્રેનમાં મુસાફરીમાં પણ કરવાનું જ. અંતે મારે બીજું ખાનું ખાલી કરવું પડ્યું.

નોઆખલીમાં બાપુજીની એક ગામથી બીજે ગામની રોજની પગયાત્રા બરાબર સાત વાગ્યે શરૂ થતી. સાત પર બે મિનિટ થઈ હોય તોપણ બાપુજીને બહુ જ વસમું લાગતું. એક વખત મને સામાન બાંધતાં થોડી વાર થઈ, કેમ કે અમુક ચીજો બાપુ ઊઠે ત્યારે જ મૂકી શકાય. તે મૂકવામાં પાંચ મિનિટ ગઈ. એટલે બાપુજી મને કહે, જો, બહાર કીર્તનવાળા અને ગામનાં લોકો ક્યારના આવીને ઊભા છે. પાંચસો માણસની પાંચ મિનિટ તેં ચોરી કહેવાય. હું જાઉં છું, તું પાછળથી આવજે. પણ રોજ આવું થાય તો એ ગુનો ગણાય. હું તો બુઢ્ઢો છું અને તું તો છોકરી છે. સાત ઉપર બે મિનિટ જાય તે મને ખૂંચે.

એક વખત નોઆખલીમાં એક ગરીબ વણકરને ત્યાં અમારો ઉતારો હતો. ગામ જતાંવેંત બાપુજી પહેલાં ગરમ પાણીએ પગ ધોવડાવે, પછી થોડુંઘણું પોતાનું લખવાનું કામ કરે. ત્યાંતો હું તેમના માટે માલિસ અને નાહવાની વ્યવસ્થા કરી લઉં. બાપુજી ખરબચડો પથ્થર વાપરતા. આ પથ્થર મીરાંબહેને બાપુજીને આપેલો.

હવે એ પથ્થર હું આગલે ગામ ભૂલી આવી મેં બાપુજીને એની વાત કરી. એટલે થોડી વાર વિચારમાં પડી ગયા. પછી મને કહે કે તેં ભૂલ તો કરી પણ હું તો ઇચ્છું કે તું જાતે જ જઈને એ પથ્થર શોધી આવે. મેં ડરતાં ડરતાં પૂછ્યું કે આ ગામમાં



આટલા બધા સ્વયં સેવકો છે, તેમાંથી કોઈ એકને સાથે લઈ જાઉં? બાપુએ સવાલ પૂછ્યો 'કેમ?' આનો જવાબ હું ન આપી શકી.

નોઆખલીમાં નારિયેળ અને સોપારીનાં એવાં વન છે કે અજાણ્યો માણસ ભૂલો જ પડી જાય. વળી, કોમી તોફાનના દિવસો. એ રસ્તા ઉપર મુસલમાનોનાં જ ઘરો એટલે એકલાં કેમ જવાય? પણ ગુનો કર્યો એટલે ગયા વગર છૂટકો ન હતો. હું તો થોડીક રીસમાં ચાલી નીકળી. ગુંડાઓનો ભય તો હતો જ. પણ રામનામ લેતી ચાલી નીકળી.

એ વણકરનું ઘર માંડ માંડ મળ્યું. વણકરના ઘરમાં ફક્ત એક ડોશી રહે. એને શી ખબર કે આ પથ્થર આટલો કીંમતી હશે? એણે તો બીચારીએ એ પથ્થર ફેંકી દીધેલો. તે માંડ માંડ શોધી કાઢ્યો. એ પથ્થર જડ્યો ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો. લઈને ઝટપટ નારાયણપુર જવા નીકળી પડી. સવારે સાડા નવ વાગ્યાની નીકળેલી તે પહોંચી ત્યારે બપોરનો એક વાગ્યો હતો. ભૂખ તો કકડીને લાગી હતી. પહોંચીને બાપુના ખોળામાં પથ્થર મૂકીને રડી પડાયું.

બાપુએ કહ્યું કે આજે તમારી પરીક્ષા થઈ. તેમાં તું ઉત્તીર્ણ થઈ. એ પથ્થર પચીસ વર્ષનો સંઘરેલો મિત્ર છે. જેલમાં જાઉં કે મહેલમાં, એ પથ્થર સાથે જ ફર્યો છે. જો એ ન મળ્યો હોત તો મને અને મીરાંબહેનને દુઃખ થાત.

મેં કહ્યું, 'બાપુજી, હૃદયથી જો રામનામ લીધું હોય તો આજે જ લીધું. એ રસ્તા ઉપર જતાં હૃદય કાંપતું હતું.' બાપુજી હસી પડ્યા 'દુઃખમાં જ ઈશ્વર યાદ આવે છે.'

**(હરિભાવમાંથી)**

# રસેશ્વરી

(ગતાંકથી આગળ) **શ્રી યોગેશ્વરજી**

રાધાએ કહ્યુંઃ

'પ્રેમની પ્રતિક્રિયા એવી પ્રબળ હોય છે, સુપ્રિયા! એ પ્રેમ પારસ્પરિક હોવાથી મને પણ એવી જ અસર પહોંચાડશે. મને પણ તારી યાદ સતાવ્યા કરશે.'

'આ વખતનો તારો અહીંનો ફેરો સફળ થયો.'

'ખરેખર સફળ થયો. કૃષ્ણનો પરિચય તથા પ્રેમ તો પ્રાપ્ત થયો જ પરંતુ સાથે સાથે તારા ઉદાર, વિશાળ, પ્રેમમય દિલમાં ડોકિયું કરવાની તક પણ પ્રાપ્ત થઈ. હું તારી ખરેખર આભારી છું.'

'એવો શબ્દો ના બોલીશ, રાધા! એમાં આભારી બનવા જેવું કશું જ નથી. મેં તો કેવળ કર્તવ્ય જ બજાવ્યું છે અને એ પણ પુષ્કળ પ્રેમપૂર્વક.'

'હું પણ મારું કર્તવ્ય જ બજાવું છું.'

'હવે તો વૃંદાવનમાં જ મળીશું.'

'હા. ગોકુલવાસીઓ કૃષ્ણે કહ્યું તેમ સ્થળાંતર કરવાના હશે તો તો ત્યાં જ.'

'એ સ્થળાંતર કરવાના જ છે. કૃષ્ણે કહ્યું; '' મારી વાત પૂરેપૂરી વિશ્વસનીય છે, પરંતુ એક વાતમાં એટલો જ વિશ્વાસ રાખજે કે હું સ્થાળાંતર નહિ કરું.'

'તું સ્થળાંતર નહિ કરે એટલે?' રાધા ચમકીને બોલીઃ 'આ તો તેં અત્યારે જ જણાવ્યું. છેક છેલ્લી ઘડીએ. એનો અર્થ એમ



કે તું વૃંદાવનમાં જવાને બદલે ગોકુલમાં જ રહેશે? આ હકીકતનું સ્પષ્ટીકરણ કર્યું તે એક રીતે સારું જ થયું. મારે તને મળવા ગોકુલમાં જ આવવું રહેશે.'

'ના. એનો અર્થ એવો નથી.'

'તો પછી કેવો છે?'

કૃષ્ણે હસીને પૂછ્યુંઃ

'તું હજુ પણ ના સમજી?'

'મારી બુદ્ધિ એટલી બધી ક્યાં ચાલે છે?'

'આમ તો ઘણી ચાલે છે. મારા કરતાં પણ વધારે.'

'તારાથી વધારે તો શું, તારા જેટલી પણ નથી ચાલતી. તારા કહેવાનો ભાવાર્થ શો છે તે તું જ કહી બતાવ.'

'મારા કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે મારાથી સ્થળાંતર નહિ થઈ શકે.'

'એ તો એની એ વાત થઈ.'

'કોણે કહ્યું?'

'મેં અને બીજા બધાએ.'

'ના. એ વાત બરાબર નથી. મારા શબ્દોનો ભાવાર્થ એટલો જ છે કે તારા સુધાભર સુખમય સ્વરૂપમાં મારું મન લાગી ગયું છેઃ તારા સ્મરણમનન અને સ્નેહયુક્ત રસાસ્વાદમાં ડૂબી ગયું છેઃ ત્યાં એનું સ્થાળાંતર નહિ થવા થઉં એટલે એને છોડીને બીજે ક્યાંય નહિ જઉં.'

કૃષ્ણના શબ્દો સાંભળીને સૌ હસી પડ્યાં. રાધા પણ હસી.

કૃષ્ણે પોતાની આગળની વાતના અનુસંધાનમાં જણાવ્યુંઃ

'ગોકુલમાંથી વૃંદાવનમાં થનારું પેલું સ્થૂળ સ્થળાંતર તો થશે જ, પણ આ સૂક્ષ્મ સ્થળાંતર—સ્નેહનું સ્થળાંતર સ્વપ્ને પણ નહિ

થાય. એનો વિચાર પણ નહિ કરી શકાય.'

રાધાને અને સુપ્રિયાને શાંતિ થઇ.

એમની મુખમુદ્રા પરથી સ્પષ્ટ જણાઇ આવ્યું.

રાધા બોલીઃ

'તારો શબ્દપ્રયોગ આવો દ્વિઅર્થી હશે તેની મને કલ્પના નહિ હું તો છેક જ ચિંતામાં પડી ગયેલી. પરંતુ હવે મને શાંતિ થઇ. તારા આ સ્પષ્ટિકરણથી કોઇને પણ શંકા નથી રહી કે મારા કરતાં તું વધારે ચતુર છે.'

પરંતુ એટલું કહીને એ ગંભીર બની ગઇ એને સત્વર સમજાયું કે આ પ્રસંગ વિનોદનો નથી, વિયોગની વ્યથાનો છે, અને એની એ વ્યથાને હળવી કરવા માટે જ કૃષ્ણે હાથે કરીને આ વાર્તાલાપ શરૂ કર્યો લાગે છે!

એ કૃષ્ણ તરફ અત્યંત ભાવભરી આંખે જોઇ રહી.

એની ને કૃષ્ણની આંખ એક થઇ ત્યારે દૃષ્ટિના એ સુભગ સંગમના પરિણામે કેટકેટલી કવિતાઓ થઇ ગઇ તે તો એમના અંતર વિના બીજું કોઇ જ ના જાણી શક્યું.

છેવટે રાધા રથમાં બેસીને ચાલી નીકળી.

રથ દૃષ્ટિપટ પરથી દૂર થયો ત્યાં સુધી કૃષ્ણ, સુપ્રિયા અને ગોપબાલો એને જોઇ રહ્યાં.

એ પછીના એક જ સપ્તાહમાં ગોકુલવાસીઓ નંદ, યશોદા અને કૃષ્ણ—બળદેવ તેમ જ રોહિણી સાથે વ્રજની સસ્યશ્યામલા, પુણ્યસલિલા ભૂમિમાં રહેવા માટે આવી પહોંચ્યાં.

ગાયો અને બીજાં પશુઓ તથા ગોપગોપીઓને માટે એ સ્થળ વધારે અનુકૂળ થઇ પડ્યું એ ખરું, પરંતુ ગોકુલમાં થતા ઉત્પાતોનો અંત તો ત્યાં પણ ના આવ્યો.



વૃંદાવનના પુણ્યપ્રદેશનો પ્રવેશ એ દૃષ્ટિએ અનુકૂળ આશીર્વાદરૂપ ના નીવડ્યો.

તોપણ વૃંદાવનની પવિત્ર ભૂમિ કૃષ્ણના ચરણસ્પર્શથી વધારે પવિત્ર, સુશોભિત અને મહિમામયી બની ગઇ.

એ ભૂમિ અત્યંત આકર્ષક અને સુંદર હતી.

ત્યાંના વિશાળ વનમાં ખીલેલાં રંગબેરંગી ફૂલો અને કમળો પર ભ્રમરો સુગંધ માણવાની મહેચ્છાથી પ્રેરાઇને ગુંજાર કરી રહેલા.

એ કમળોની સૌરભથી સુવાસિત સમીરલહરી વનમાં સર્વત્ર સરતી રહેતી.

ફળ તેમ જ ફૂલોના ભારથી નીચાં નમેલાં વૃક્ષો પૃથ્વીનો સ્પર્શ કરવા માટે જાણે કે આતુર બનેલાં.

વિશાળ સુંદર સરોવરનું પવિત્ર પાણી દર્શનમાત્રથી જ આંખ અને અંતરને આનંદ આપતું.

વૃંદાવનની એ પવિત્ર ભૂમિમાં કોઇ વાર ગોવર્ધન પર્વતની તળેટીના પ્રદેશમાં, કોઇ વાર યમુનાતટ પર તો કોઇ વાર એકાંત આહ્લાદક અરણ્યમાં, બળરામ અને બીજા ગોપબાળકો સાથે કૃષ્ણ ગાયો ચરાવતા તથા વિહાર કરતા.

જ્યારે એ વાંસળીના સ્વર છેડતા ત્યારે તો સર્વત્ર સુધાનો પ્રવાહ વહેવા માંડતો ને કોઇનું હૈયું હાથમાં ના રહેતું.

એક દિવસ કૃષ્ણ બલરામ અને પોતાના મિત્રો સાથે વનમાં વિહાર કરવા નીકળેલા ત્યારે એક મિત્રે જણાવ્યુંઃ

'વૃંદાવનમાં ગોકુલ કરતાં અધિક આનંદ છે પરંતુ એક ઉપાધિ તો છે જ.'

(ક્રમશઃ)